# તા.૦૧/૦૧/૨૦૦૬ પછી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમા મદદનીશ શિક્ષક માથી આચાર્ય તરીકે નિમણુક પામેલા શિક્ષકોની આચાર્ય પગાર બાંધણી સંબંધિત માર્ગદર્શન, તા:૦૪/૦૮/૨૦૨૦


સંકલનકર્તા

**શ્રી આર.પી.મેરજા**

કાર્યાલય મંત્રી, મોરબી જિલ્લા આચાર્ય સંઘ

આચાર્ય, શ્રી નેક્નામ માધ્યમિક શાળા

નેક્નામ, તા; ટંકારા ,જિલ્લો: મોરબી

મો.૮૧૨૮૧ ૨૧૫૦૦

માર્ગદર્શક

**શ્રી જે.એમ.માંગરોલિયા**

પુર્વ મહામંત્રી, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

પુર્વ આચાર્ય,શ્રી ડી.એન. કંટેસરીયા હાઇસ્કુલ

તણસવા, તા: ઉપલેટા ,જિલ્લો: રાજકોટ

મો. ૯૪૨૬૯ ૯૬૩૬૯


તા: ૦૧/૦૧/૨૦૦૬ પછી ગ્રાન્ટેડ માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો જ્યારે ગ્રાન્ટેડ માધ્યમિક શાળામા આચાર્ય તરીકે નિમણુક પામે છે ત્યારે નાણા વિભાગ અને શિક્ષણ વિભાગના કેટલાક સ્થાયી પરિપત્રો,ઠરાવોની જોગવાઇઓથી અજાણ હોવાથી પગાર બાંધણીના કેટલાક પ્રશ્નો ઉદભવે છે ત્યારે આ વર્તમાન આચાર્યો અને ભાવી આચાર્યોના માર્ગદર્શન માટે આ આર્ટિકલ તૈયાર કરેલ છે

ગ્રાન્ટેડ માધ્યમિકશાળાઓમાં બે પ્રકારના શિક્ષકો આચાર્ય બનતા હોય છે.

(૧) માધ્યમિક શિક્ષક-મુળ ગ્રેડ પે ૪૨૦૦ , પ્રથમ ઉ.પ.ધો.નો ગ્રેડ પે ૪૪૦૦

(૨) ઉચ્ચતર માધ્યમિક શિક્ષક- મુળ ગ્રેડ પે ૪૪૦૦ , પ્રથમ ઉ.પ.ધો.નો ગ્રેડ પે ૪૬૦૦

## (૧) માધ્યમિક કે ઉ.મા.શિક્ષક આચાર્ય તરીકે નિમણુંક પામે ત્યારે પગાર ધોરણનું રક્ષણ આપવા બાબત.

મદદનીશ શિક્ષક સરકારશ્રીનાં શિક્ષણ વિભાગના તા.૧૬-૦૮-૧૯૯૪ નાં ઠરાવ અન્વયે ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર મેળવતા હોય કે ના મેળવતા હોય તેવા તમામ શિક્ષકો પોતાની કે અન્ય શાળામાં સીધી ભરતીથી આચાર્ય તરીકે નિમણુંક પામે ત્યારે મદદનીશ શિક્ષક માંથી રાજીનામું આપી આચાર્ય તરીકે હાજર થાય છે ત્યારે શિક્ષકના છેલ્લા પગારનુ રક્ષણ આપવામા આવે છે.

કમીશ્નરશ્રી મ.ભો.અને શાળાઓની કચેરીનાં પત્ર ક્રમાંક:ધ/પેન-૩/હાઈકોર્ટ/૦૩-૦૪/૩૭૩૭-૬૨/ ગાંધીનગર,તા.૧૦-૦૩-૨૦૦૪થી સરકારશ્રીના નાણાવિભાગનાં પરિપત્ર ક્રમાંક:પગર/૧૦૯૩/૮૭૧/ચ, તા.૧૭-૦૬-૧૯૯૪ અન્વયે નવી નિમણુંક ઉંચી/વધુ પગારવાળી અથવા સરખા પગારવાળી જગ્યા પર થઈ હોય તેવા કિસ્સામાં નોંધ-૮ મુજબ પગારનું રક્ષણ આપવાનું ઠરાવેલ છે. ( પરીપત્ર સામેલ છે )

જુઓ અનુસંધાને પાના ૨ ઉપર

## (૨) જુની જગ્યા/ સંવર્ગમાં ઉચ્ચતર પગાર ધોરણમાં મેળવેલ છેલ્લા મુળ પગારનું પગાર રક્ષણનો લાભ ચાલુ રાખવાનો વિકલ્પ આપવા બાબત

ગુજરાત સરકારનાં નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક: પગર-૧૧૨૦૦૨ -૭૫-મ, તા.૦૧-૦૫-૨૦૦૨(સામેલ છે) અન્વયે નવી સેવામાં ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાની નિતી નક્કી કરવામાં આવી છે તે મુજબ શિક્ષક જ્યારે આચાર્ય બને ત્યારે તેની અગાઉની શિક્ષકની નોકરીમાં મેળવેલ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણમાં મેળવેલ છેલ્લા મુળ પગારના પગાર રક્ષણનો લાભ ચાલુ રાખવાનો વિકલ્પ આપવાનો રહે છે આવો વિકલ્પ જે તે સમયે આપેલ છે જેની નોંધ સેવાપોથી મા કરવાની હોય છે, આવો વિકલ્પ આપેલ હોય તો નવી સેવા (આચાર્ય)માં નિમણુંક તારીખથી ૧૧ વર્ષે દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય છે. ઉપરોક્ત ઠરાવની જોગવાઇ સરકારી કર્મચારીઓ માટે છે તે જ જોગવાઇ નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક: પગર-૧૧૨૦૦૨ -૭૬-મ, તા.૨૧-૦૬-૨૦૦૨ (સામેલ છે) થી રાજયના શિક્ષકોને પણ લાગુ પાડવાનુ ઠરાવેલ છે

## (3) માધ્યમિક કે ઉ.મા.શિક્ષક એકપણ ઉ.પ.ધો. લીધા વગર આચાર્ય બને ત્યારે;

તારીખ ૦૧-૦૧-૨૦૦૬ પછી એટલે કે છઠ્ઠા પગારપંચના પગાર ધોરણમાં આચાર્ય તરીકે નિમણુંક પામતા આચાર્યની પગાર પાયરી મંજુર કરતી વખતે શિક્ષણ વિભાગના તા.૨૬-૧૨-૨૦૧૬ ના ઠરાવથી આચાર્યનાં પગાર ધોરણ ૯300-3૪૮૦૦(PB2) +૪૬૦૦ ગ્રેડપે માં એન્ટ્રી લેવલ પે રૂપિયા ૧૨૫૪૦માં પગારબાંધણી કરવામાં આવે છે. જો શિક્ષકનો મુળ પગાર આ રકમથી વધારે હોય તો તે તબકે પગારબાંધણી કરવામાં આવે છે. અન્યથા આચાર્યમાં નિમણુંક વખતે મિનીમમ રૂપિયા ૧૨૫૪૦ મુળ પગાર (૧૨૫૪૦+૪૬૦૦=૧૭૧૪૦) આપવામાં આવે છે.

તાજેતરમા જે શિક્ષકો આચાર્ય બન્યા છે અને તેની આચાર્ય પગારબાંધણી બાકી છે તેવા શિક્ષકોને આચાર્ય બન્યા પહેલા પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હોય એટલે કે શિક્ષક્મા પુર્ણ પગારમા આવ્યા પછી ૯ વર્ષ ની નોકરી પુર્ણ કર્યા પછી આચાર્ય બન્યા હોય તેવા શિક્ષકો એ તેની શિક્ષક્ની નોકરી નુ પ્રથમ ઉ.પ.ધો. મંજુર કરાવી ને તેના રક્ષણના લાભ સાથે આચાર્ય પગાર બાંધણી કરાવે તો ગ્રેડ પે બદલતા સાતમા પગારપંચના પે મેટ્રીક્ષ મા ઉંચા લેવલમા પગાર ફિક્સેશન થવાથી પગાર મા આર્થીક ફાયદો થાય

## (૪) માધ્યમિક શિક્ષક પ્રથમ ઉ.પ.ધો. મેળવીને આચાર્ય બને ત્યારે;

શિક્ષકની નોકરીમાં પ્રથમ ઉ.પ.ધો.મેળવ્યા પછીના ૧૧ વર્ષ દરમિયાન આચાર્ય બને ત્યારે અગાઉના પગાર રક્ષણ સાથે આચાર્યમાં નિમણુંક તારીખથી ૧૧ વર્ષે બીજુ ઉ.પ.ધો. આપવામાં આવે છે, આમ આવા શિક્ષકને પ્રથમ ઉ.પ.ધો. મળ્યા તારીખથી આચાર્ય બન્યા તારીખ સુધીનો સમયગાળો વ્યર્થ જાય છે આમ દ્વિતીય ઉ.પ.ધો. નો ગ્રેડ પે એટલો મોડો મળવાથી આર્થીક નુકશાન થાય છે.

તેમા પણ જેની નિમણુંક ૨-જાન્યુઆરી થી ૩૦-જુન સુધીમાં થઈ હોય તેને જુલાઈનો ઈજાફો મળવાપાત્ર થતો નથી. કારણ કે સીધી ભરતીથી આચાર્યમાં નિમણુંક એ DIRECT SELECTION ગણાય છે. માટે ઈજાફા તારીખે પગાર બાંધણીનો વિકલ્પ મળવાપાત્ર થતો નથી. છઠ્ઠા પગારપંચમાં પ્રથમ નિમણૂંક વખતે ઈજાફાનો વિકલ્પ મળવાપાત્ર નથી. પરંતુ આચાર્યમાં નિમણુંક તારીખે જ પગારબાંધણી કરાવી બાર માસ બાદ ઈજાફો મળવાપાત્ર થાય છે.

જુઓ અનુસંધાને પાના ૩ ઉપર

માટે અગાઉ આ રીતે ૯ કે ૧૧ વર્ષ પહેલા જે આચાર્યો નિમણુંક પામ્યા છે, તેની પગાર બાંધણીમાં જે-તે વખતે પ્રમોશન (બઢતી) સમજીને નજીકની ઈજાફા તારીખે કરવામાં આવી છે,તેવા આચાર્યોની દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણની ફાઈલો ક્વેરી સાથે હિસાબ અને તિજોરી નિયામકની કચેરી ગાંધીનગર દ્વારા પરત કરવામાં આવેલ છે. તેવા કેસોમાં આચાર્યમાં નિમણુંક તારીખથી પગાર બાંધણી રીવાઈઝ કરાવી જરૂરી રીકવરીની રકમ ચલણથી ભર્યા બાદ સેવાપોથીમાં તેની નોંધ સાથે છઠ્ઠા અને સાતમાં પગારપંચના રીવાઈઝ એનેક્ષર સાથે દ્વિતિય ઉ.પ.ધો.ની ફાઈલો ફરીથી મુકવાની થાય.

જો આવા આચાર્યો તેનુ શિક્ષક્નુ પ્રથમ ઉ.પ.ધો જતુ કરી ને આચાર્યમા પગાર બાંધણી કરાવે તો આચાર્ય સંવર્ગમા ૯ વર્ષે દ્વિતીય પગાર ધોરણ ૫૪૦૦ ના ગ્રેડ પે મા મળવાપાત્ર થાય બે વર્ષવહેલો લાભ મળે તો સામે શિક્ષક નુ મેળવેલુ પ્રથમ ઉ.પ.ધો.જતુ કરવાથી મળ્યા તારીખ થી પગાર રીવાઇઝ કરાવવો પડે અને વધારાના પગાર ની રિકવરી ભર્યા બાદ શિક્ષકનો છેલ્લો જે પગાર નક્કી થાય તે પગાર પર આચાર્ય મા એંટ્રી લેવલ થી પગાર બંધાય અથવા તેનાથી ઉંચો તબક્કો હોય તો ત્યા પગારબાંધણી કરાવી આચાર્યમા ૯ વર્ષે બીજા ઉ.પ.ધો ની પાત્રતા તારીખ સુધીનો પગાર રીવાઇઝ કરાવી ઓવર પેમેંટ ની મોટી રિકવરી ભરવી પડે આમ શિક્ષક્નુ પ્રથમ ઉ.પ.ધો જતુ કરવાથી પણ ફાયદા કરતા નુકશાન વધુ થાય, માટે શિક્ષક ના પ્રથમ ઉ.પ.ધો.ના લાભ સાથે આચાર્યમા ૧૧ વર્ષે બીજુ ઉ.પ.ધો. મેળવવામા જ ફાયદો થાય , આ સાથે ના નમુનારુપ પત્રકો જોતા એવુ અમારુ માનવુ છે

## (૫) ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો આચાર્ય તરીકે નિમણુક પામે છે ત્યારે;

➢ **પ્રથમ ઉપધો લીધા પછી આચાર્ય બને ત્યારે**

સૌથી પહેલુ આ માર્ગદર્શન ૦૧/૦૧/૨૦૦૬ પછી નિમાયેલા આચાર્યો માટે છે તે પહેલા ની કેડર મા પગાર માળખુ વ્યવસ્થિત અને સંવર્ગ વાર ઉચીત હતુ, પરંતુ છઠા પગાર પંચના અમલ પછી ક્લાર્ક, શિક્ષકો અને આચાર્યને સરખા પગાર અને પગાર ધોરણમા મુકી દીધા સંઘોની ખુબ રજુઆતો પછી ૪૨૦૦ , ૪૪૦૦ અને ૪૬૦૦ એવા નજીવા ફેરફાર સાથે સુધારા કર્યા અને તે આજે ય સાતમા પગાર પંચમા ય ગ્રેડ પે મુજબ પે મેટ્રીક્સ રૂપે ચાલુ છે .

ઉચ્ચતર માધ્યમિક શાળાનો શિક્ષક પ્રથમ ઉપધો લીધા પછી આચાર્ય બને ત્યારે તે ઉપધો લીધા તારીખથી જ આચાર્યના પગાર ધોરણમા હોય છે. અને પગાર રક્ષણ સાથે આચાર્ય બને છે એટલે એમને દ્વિતીય ઉપધો મળવા માટે પ્રથમ ઉપધો તારીખ થી જ ૧૧ વર્ષે બીજુ ઉપધો મળવુ જોઇયે.તેને બદલે વર્તમાન સ્થિતિમા આચાર્ય બન્યા તારીખ થી ૧૧ વર્ષ ગણીને બીજુ ઉપધો મંજુર થાય છે

નાણા વિભાગના તા ૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવ મુજબ એકજ પગાર ધોરણ કે એકજ સંવર્ગ મા ૯ કે ૧૧ વર્ષેની નોકરી પુર્ણ કરેલ હોય તેને પ્રથમ કે બીજુ ઉપધો આપવામા આવે છે તે જોતા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક પ્રથમ ઉપધો મેળવે ત્યારે તે આચાર્ય સંવર્ગ જેટલો જ પગાર લે છે આવા શિક્ષકો જ્યારે આચાર્ય બને ત્યારે ઉપરોક્ત ઠરાવની મુદા નં.3 ની શરતોમાં જણાવ્યા પ્રમાણે પગાર ધોરણ સમાન હોવા છતા સંવર્ગ બદલાયેલ હોય તેવી અગાઉની સેવાને ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લેવામાં આવતી નથી. એટલે આચાર્યમાં નિમણુંક તારીખથી ગણીને ૧૧ વર્ષે બીજુ ઉપધો મળે છે.

**જુઓ અનુસંધાને પાના ૪ ઉપર**

નાણા વિભાગના તા ૦૧/૦૫/૨૦૦૨ અને તા ૨૧/૦૬/૨૦૦૨ ના ઠરાવ મુજબ લાભ મળવા પાત્ર હોવા છતા સંવર્ગ બદલાય છે માટે અન્યાય થાય છે હકીકત મા આચાર્ય અને શિક્ષક બને વર્ગ-૩ ના જ કર્મચારી હોવા છતા સંવર્ગ ના બાના તળે લાભ આપવામા આવતો નથી (સરકારી શાળા ના આચાર્ય વર્ગ-૨ અને શિક્ષકો વર્ગ-૩ મા હોવાથી ત્યા એ અર્થઘટન વ્યાજબી છે ) આમ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો આચાર્ય બને ત્યારે આર્થીક નુકશાન થાય છે.

- **<u>પ્રથમ અને દ્વિતીય ઉપધો લીધા પછી આચાર્ય બને ત્યારે</u>**

કોઇપણ ઉમા શિક્ષક બે ઉપધો લીધા પછી આચાર્ય બને ત્યારે તે ૫૪૦૦ નો ગ્રેડ પે મેળવતા હોય છે જ્યારે આચાર્યમા નિમણુક મેળવે ત્યારે આચાર્યના પગારમા ગ્રેડ પે ૪૬૦૦ છે એટલે ઉંચા પગાર માથી નીચા કે સમાન પગારધોરણમા નિમણુક થાય ત્યારે શિક્ષણ વિભાગના તા ૦૩/૧૨/૨૦૦૯ ના ઠરાવ ની જોગવાઇ પ્રમાણે પગારનુ રક્ષણ આપી આચાર્યમા નિમણુક વખતે તા ૦૫/૦૧/૬૫ ના ઠરાવ મુજબ નો એક ઇજાફો આપવાની જોગવાઇ રદ કરવામા આવી છે.બાકીના કેશોમા શિક્ષણ વિભાગના તા ૧૯/૦૬/૨૦૦૪ ના ઠરાવ મુજબ નીચા પગાર ધોરણ માથી આચાર્યના ઉંચા પગાર ધોરણમા નિમણુક વખતે તા ૦૫/૦૧/૬૫ ના ઠરાવ મુજબ નો એક ઇજાફો મળવાપાત્ર થાય છે.

માટે આવા આચાર્યના પગારધોરણને સમાન કે ઉંચા પગાર ધોરણમા હોય તેવા શિક્ષકો જ્યારે આચાર્ય બને ત્યારે આચાર્યની નિમણુંક તારીખે શિક્ષણ વિભાગનાં તા.૧૯-૦૬-૨૦૦૪નાં ઠરાવ મુજબ શિક્ષકમાં છેલ્લે જે પગાર મેળવતા હોય તે જ પગારમાં પગારબાંધણી થાય છે. ( પરીપત્ર સામેલ છે )

**(૬) <u>એક ઇજાફા માટે વિકલ્પ આપવા બાબત</u>**

- જ્યારે માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક શિક્ષકની નોકરી દરમિયાન ૯,૨૦ કે ૩૧ વર્ષે ઉ.પ.ધો. મંજુર કરવામા આવે છે તે નોર્મલ લાઇન ( એક જ સંવર્ગ ) ની નોકરી હોવાથી બઢતી ગણાય છે આવા સંજોગો મા નજીક્ની ઇજાફા તારીખે પગાર બાંધણી નો વિકલ્પ મળે છે એટલે કે નજીક ની ઇજાફા તારીખ સુધી મળતો પગાર ચાલુ રાખી પહેલી જુલાઇના એક રેગ્યુલર અને એક બઢતી નો એમ બે ઇજાફા આપી જે રકમ આવે તે રકમ ઉપધોના પગારધોરણ મા સમાન અથવા ઉપરના નજીક્ના સ્ટેજે પગાર નિયત કરવામા આવે છે આજ રીતે આચાર્ય સંવર્ગ મા ૯ કે ૧૧ વર્ષ ની નોકરી પુર્ણ થતા ઉપધો મંજુર કરતી વખતે પણ આવા વિકલ્પ નો લાભ મળવા પાત્ર છે

- જ્યારે માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક શિક્ષક રાજીનામુ આપીને સીધી ભરતીથી પસંદગી ( Direct selection ) પામી આચાર્ય મા નિમણુક મેળવે ત્યારે આવી નિમણુક બઢતી ( Promotion ) ગણાતી નથી માટે આચાર્યમા નિમણુક વખતે નજીક ની ઇજાફા તારીખે પગાર બાંધણી નો વિકલ્પ મળવાપાત્ર નથી આવા આચાર્યોની પગાર બાંધણી નિમણુક તારીખથી જ કરવાની રહે છે.

- છઠ્ઠા પગારપંચમાં તા.૦૧-૦૧-૨૦૦૬ પછી પ્રથમ નિમણુંક મેળવતા કર્મચારીઓને પગારબાંધણીમાં આ વિકલ્પ મળવાપાત્ર નથી, એટલે કે આચાર્યમાં નિમણુંક તારીખથી ૧૨ માસ પછી ઈજાફો મળવાપાત્ર થાય.

**જુઓ અનુસંધાને પાના ૫ ઉપર**

➢ જો આચાર્ય તરીકે ૨-જાન્યુઆરી કે 30-જુન સુધીમાં નિમણુંક થયેલી હોય તો પછીના વર્ષે જુલાઈનો ઈજાફો મળે.તે જ વર્ષે જુલાઈનો ઈજાફો મળવાપાત્ર નથી.

➢ આજથી ૯ કે ૧૧ વર્ષ પહેલા જે શિક્ષકો આચાર્ય બન્યા છે તેઓની પગાર બાંધણી બઢતી સમજીને કરવામા આવેલ છે અને નજીકની ઇજાફા તારીખે પગાર બાંધણી કરી આપી છે તેઓ અત્યારે ઉપધો મંજુરી માટે ફાઇલ રજુ કરે છે ત્યારે હિસાબ અને તિજોરી નિયામકની કચેરી-ગાંધીનગરથી આવી ફાઇલો પાછી મોકલી આચાર્ય ની પગાર બાંધણી રિવાઇઝ કરાવી ઓવર પેમેન્ટ ની રિકવરી ભરી પુર્તતા કરી ઉપધોની ફાઇલો પુન: મુકવા જણાવેલ છે માટે હમણા નિમાયેલા નવા આચાર્યો આમાથી બોધ લઇ તેની પગાર બાંધણી વખતે આવી ભુલ ના થાય તેનુ ખાસ ધ્યાન રાખે નહિતર ભવિષ્યમા ઉપધો વખતે રિકવરી ના પ્રશ્નો બનશે.

(૭) <u>આચાર્યમા નિમણુક વખતે એક ઇજાફો આપવા બાબત</u>

➢ જે મદદનીશ શિક્ષકો આચાર્યના પગારધોરણથી નીચાપગાર ધોરણમા હોય અને આચાર્ય બને ત્યારે તા; ૦૫/૦૧/૧૯૯૫ ના ઠરાવ મુજબ એક ઇજાફો આપીને પગાર બાંધણી કરવામા આવેલ છે તે કોને મળે તે માટે શિક્ષણ વિભાગના કેટલાક પરીપત્રો થયેલા છે અને અગાઉ આવો લાભ આપેલ હોય ત્યા રિકવરી ના કરવી તેવી સ્પષ્ટઓ પણ બહાર પાડી છે જે બધા પત્રો અહી સામેલ છે જેનો અભ્યાસ કરવો,

➢ જે મદદનીશ શિક્ષકો આચાર્યના પગારધોરણથી ઉંચા કે સમાન પગારધોરણમા હોય અને આચાર્ય બને ત્યારે આવા તારીખ 0૩/૧૨/૨૦૦૯ પછીના આચાર્યો ને ૫/૧/૯૫ ના ઠરાવ મુજબ નો એક ઇજાફો આપવાનુ બંધ કરેલ છે માટે આવા કોઇ આચાર્યો ને આવો ઇજાફો અપાયો હોય તો તેની પગાર બાંધણી રિવાઇઝ કરાવી રિકવરી ભરવાની રહે છે અન્યથા ભવિષ્યમા ઉપધો મંજુરી વખતે કેશ પાછો આવી શકે અને મોટી રિકવરી ભરવાની જવાબદારી બને. (પરીપત્ર સામેલ છે)

(૮) <u>આ અગાઉ પગાર બાંધણીમા ભુલ થયેલ હોઇ અને ઉપધો ની ફાઇલ પાછી આવી હોઇ તેવા કેશો માટે</u>

આજથી ૯ કે ૧૧ વર્ષ પહેલા જે મદદનીશ શિક્ષકો આચાર્ય તરીકે નિમાયા છે તેઓની પગાર બાંધણીમા ઇજાફા ના વિકલ્પ ની ક્વેરી સાથે ઉપધોની ફાઇલો ગાંધીનગરથી પાછી આવી હોઇ તેવા આચાર્યોના માર્ગદર્શન માટે અગાઉના ઉપધોના રક્ષણ સાથે અને રક્ષણ જતુ કરીને સુધારેલ પગારબાંધણીના નમુના રૂપ પત્રકો તૈયાર કર્યા છે જે આ સાથે સામેલ છે જેનો અભ્યાસ કરવો તેમાથી પુર્તુ માર્ગદર્શન મળી રહેશે.

➢ પગાર પાયરી રીવાઈઝ કરાવવા માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં અરજી કરવાની હોય છે.

➢ તે માટે નીચે મુજબના આધારો જોડવાના હોય છે.

- આચાર્ય પગાર પાયરી ફિક્શેસન ફોર્મ
- ઉતરોતર સુધારેલ પગાર તબક્કાનું પત્રક
- છઠ્ઠા અને સાતમા પગારના જુના એનેક્ષર અને સ્ટીકરની નકલ
- સંચાલક મંડળનો ઠરાવ
- અસલ સેવાપોથી (સુધારેલ પગાર તબક્કાની નોંધ સાથે)

જુઓ અનુસંધાને પાના ૬ ઉપર

➢ ઉપરોક્ત કાર્યવાહી બાદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તરફથી મળેલ સુધારેલા એનેક્ષર પરથી સાતમા પગારપંચનું સ્ટીકર મેળવ્યા બાદ જરૂરી રીકવરી ( આચાર્યમા નિમણુક તારીખથી દ્વિતિય ઉપધોની પાત્રતા તારીખ સુધી) ભર્યાના આધારો સાથે ફરીથી ઉપધો ની ફાઈલ રજુ કરવાની થાય છે.

➢ ઓવર પેમેન્ટ રિકવરીની રકમ - ૦૨૦૨-શિક્ષણ, રીકવરી ઓફ ઓવર પેમેન્ટ ,ગૌણસદર-૦૨૦૨-૦૧-૦૧૦૧-૦૧ ચલણથી SBI બેંક મારફતે ભરી તેની નોંધ સેવાપોથીમા કરવી, ચલણની એક અસલ નકલ સેવાપોથીમા ચોટાડવી , ત્યારપછી આચાર્યના દ્વિતિય ઉપધોની ફાઈલ પુર્તતા સાથે રજુ કરવાની થાય છે.

<u>(૯) **HMAT-** નવા આચાર્યની પગાર પાયરી મંજુર કરાવવા માટે</u>

➢ શાળા મારફતે જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને અરજી કરવાની હોય છે.
➢ અરજીમા નીચે મુજબના બિડાણો સામેલ રાખવાના હોય છે.

- આચાર્ય પગાર પાયરી મંજુર કરવાનું ફિક્શેસન ફોર્મ
- આચાર્યની નિમણુંક અંગેનો જિલ્લા શિક્ષણાધિકારીનો ભલામણ પત્ર
- સંચાલક મંડળનો નિમણુંક હુકમ
- શિક્ષકમાંથી રાજીનામાં અંગેનો જિલ્લા શિક્ષણાધિકારીનો પત્ર
- આચાર્ય તરીકે હાજર થયાનો રીપોર્ટ
- શિક્ષકનું અગાઉની શાળાનું લાસ્ટ પે સર્ટી અને ડિસ્ચાર્જ સર્ટી
- શિક્ષકનું છઠ્ઠા અને સાતમા પગારપંચના એનેક્ષર અને સ્ટીકરની નકલ
- અસલ સેવાપોથી ( વિગતવાર નોંધ સાથે )

<u>નોંધ:-</u> ઉપરોક્ત યાદી માર્ગદર્શન માટે છે. દરેક જિલ્લા માટે આ યાદી મુજબના ડોક્યુમેન્ટમાં ફેરફાર હોય શકે છે. આપના સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના પત્ર મુજબ કાર્યવાહી કરવી.

*" Believe in yourself, when nobody believe in you. Because you are the only person who can make impossible things possible."*

*****************************************************************************************

# –: માધ્યમિક શિક્ષક માથી આચાર્ય પગાર પાયરી રીવાઈઝ પત્રક :– ( અગાઉના પગાર રક્ષણ સાથે )

કર્મચારીનું નામઃ XYZ　　　　હોદોઃ આચાર્ય

(૧) અન ટ્રઈન્ડ સર્વિસ ,LWP, નોકરીમા બ્રેક,ફાજલ,સીની ટાઈમ સ્કેલ,પ્રથમ ઉપધો,બઢતી વિગેરેની નોંધ કોલમ ૮ મા કરવી.

| ક્રમ | કઈ કઈ સંસ્થામાં નોકરી કરી તેનું નામ | હોદો | પ.ધો./પે–બેન્ડ પે મેટ્રીક્ષ | જે તે મૂળ પગાર તારીખ થી તારીખ સુધી | | મેળવેલ પગાર(ભુલ વાળો) મૂળ પગાર | ગ્રેડ પે | બૈઝિક પગાર તબકકાવાર | મળવાપાત્ર પગાર(સુધારેલ) મૂળ પગાર | ગ્રેડ પે | બૈઝિક પગાર તબકકાવાર | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | | ૬ | | | ૭ | | | ૮ |
| 1 | | મદદ.શિક્ષક | 9300-34800 (PB 2) + 4400 GP | 01-01-06 | 28-06-06 | 12190 | 4400 | 16590 | 12190 | 4400 | 16590 | ROP-2009 PAY FIX |
| 2 | | આચાર્ય | 9300-34800 (PB 2)+ 4600 GP | 29-06-06 | 30-06-06 | 12190 | 4600 | 16790 | 12690 | 4600 | 17290 | સીધી ભરતી નિમણુક |
| 3 | | | | 01-07-06 | 30-06-07 | 13210 | 4600 | 17810 | 0 | 0 | 0 | ઈજાફો |
| 4 | | | | 01-07-07 | 30-06-08 | 13750 | 4600 | 18350 | 13210 | 4600 | 17810 | ઈજાફો |
| 5 | | | | 01-07-08 | 30-06-09 | 14310 | 4600 | 18910 | 13750 | 4600 | 18350 | ઈજાફો |
| 6 | | | | 01-07-09 | 30-06-10 | 14880 | 4600 | 19480 | 14310 | 4600 | 18910 | ઈજાફો |
| 7 | | | | 01-07-10 | 30-06-11 | 15470 | 4600 | 20070 | 14880 | 4600 | 19480 | ઈજાફો |
| 8 | | | | 01-07-11 | 30-06-12 | 16080 | 4600 | 20680 | 15470 | 4600 | 20070 | ઈજાફો |
| 9 | | | | 01-07-12 | 30-06-13 | 16710 | 4600 | 21310 | 16080 | 4600 | 20680 | ઈજાફો |
| 10 | | | | 01-07-13 | 30-06-14 | 17350 | 4600 | 21950 | 16710 | 4600 | 21310 | ઈજાફો |
| 11 | | | | 01-07-14 | 30-06-15 | 18010 | 4600 | 22610 | 17350 | 4600 | 21950 | ઈજાફો |
| 12 | | | | 01-07-15 | 30-06-16 | 18690 | 4600 | 23290 | 18010 | 4600 | 22610 | ઈજાફો |
| 13 | – એજ– | આચાર્ય | PAY MATRIX 44900-142400 | 01-01-16 | 30-06-16 | 60400 | 0 | 60400 | 58600 | 0 | 58600 | ROP-2016 PAY FIX |
| 14 | | | LEVEL-8 | 01-07-16 | 28-06-17 | 62200 | 0 | 62200 | 60400 | 0 | 60400 | ઈજાફો |
| 15 | ઉ.પ.ધો પાત્રતા | | 53100-167800 | 29-06-17 | 30-06-17 | 62200 | 0 | 62200 | 60400 | 0 | 60400 | વિકલ્પ |
| 16 | | | LEVEL-9 | 01-07-17 | 30-06-18 | 67200 | 0 | 67200 | 65200 | 0 | 65200 | બઢતી |
| 17 | | | | 01-07-18 | 30-06-19 | 69200 | 0 | 69200 | 67200 | 0 | 67200 | ઈજાફો |

સમજુતી; ૧) નોર્મલ લાઇન મા ( એકજ સંવર્ગ મા ) ઉ.પ.ધો. મંજુર કરતી વખતે તરત પછીની ઇજાફા તારીખે પગાર બાંધણી નો વિકલ્પ મળવાપાત્ર છે
૨) મદદ શિક્ષક માથી રાજીનામુ આપી સીધી ભરતીથી નિમણુક મેળવતા આચાર્યોને પગાર બાંધણી વખતે આવો વિકલ્પ મળવાપાત્ર નથી
૩) ઉ.પ.ધો મા પગાર બાંધણીમા વિકલ્પ લઇએ તો ફાયદો થતો હોઇ છે ઉપરોક્ત કેશ મા ઉપધો તા ૨૯/૦૬/૧૭ થી મળવાપાત્ર થાય છે જે તા ૧/૭/૧૭ થી સ્વીકારવામા આવે તો ૩૦/૬/૧૭ સુધી મળતો પગાર ૬૦૪૦૦ ચાલુ રહેશે તા ૧/૭/૧૭ ના પહેલો નિયમીત ઇજાફો લેવલ ૮ મા ૬૨૨૦૦ ત્યાર પછી બઢતી નો ઇજાફો ૬૪૧૦૦ મળે આ રકમ ઉપધો ના સ્ટેજમા લેવલ ૯ મા જોતા ૬૫૨૦૦ મા પગાર બાંધણી થાય પછીની ઇજાફા તારીખ ૧/૭/૧૮ થાય

# –: માધ્યમિક શિક્ષક માથી આચાર્ય પગાર પાયરી રીવાઈઝ પત્રક :– ( અગાઉ ના પગાર રક્ષણ વગર )

કર્મચારીનું નામ: XYZ                    હોદો: આચાર્ય

(૧) અન ટ્રઈન્ડ સર્વિસ ,LWP, નોકરીમા બ્રેક,ફાજલ,સીની ટાઈમ સ્કેલ,પ્રથમ ઉપધો,બઢતી વિગેરેની નોંધ કોલમ ૮ મા કરવી.

| ક્રમ | કઈ કઈ સંસ્થામાં નોકરી કરી તેનું નામ | હોદો | પ.ધો./પે–બેન્ડ પે મેટ્રીક્ષ | જે તે મૂળ પગાર તારીખ થી | તારીખ સુધી | મેળવેલ પગાર મૂળ પગાર | મેળવેલ પગાર ગ્રેડ પે | મેળવેલ પગાર બૈઝિક પગાર તબકકાવાર | મળવાપાત્ર પગાર મૂળ પગાર | મળવાપાત્ર પગાર ગ્રેડ પે | મળવાપાત્ર પગાર બૈઝિક પગાર તબકકાવાર | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | | ૬ | | | ૭ | | | ૮ |
| 1 | | મદદ.શિક્ષક | 9300-34800 (PB 2) + 4400 GP | 01-01-06 | 28-06-06 | 12190 | 4400 | 16590 | 12190 | 4400 | 16590 | ROP-2009 PAY FIX |
| 2 | | આચાર્ય | 9300-34800 (PB 2)+ 4600 GP | 29-06-06 | 30-06-06 | | | Entry Level Pay | 12540 | 4600 | 17140 | સીધી ભરતી નિમણૂક |
| 3 | | | | 01-07-06 | 30-06-07 | | | | 0 | 0 | 0 | ઈજાફો |
| 4 | | | | 01-07-07 | 30-06-08 | | | | 13060 | 4600 | 17660 | ઈજાફો |
| 5 | | | | 01-07-08 | 30-06-09 | | | | 13590 | 4600 | 18190 | ઈજાફો |
| 6 | | | | 01-07-09 | 30-06-10 | | | | 14140 | 4600 | 18740 | ઈજાફો |
| 7 | | | | 01-07-10 | 30-06-11 | | | | 14710 | 4600 | 19310 | ઈજાફો |
| 8 | | | | 01-07-11 | 30-06-12 | | | | 15290 | 4600 | 19890 | ઈજાફો |
| 9 | | | | 01-07-12 | 30-06-13 | | | | 15890 | 4600 | 20490 | ઈજાફો |
| 10 | | | | 01-07-13 | 30-06-14 | | | | 16510 | 4600 | 21110 | ઈજાફો |
| 11 | | | | 01-07-14 | 28-06-15 | | | | 17150 | 4600 | 21750 | ઈજાફો |
| 12 | ઉ.પ.ધો પાત્રતા | | | 29-06-15 | 30-06-15 | | | | 17150 | 5400 | 22550 | વિકલ્પ |
| 13 | ૯ વર્ષ પૂર્ણ થતા | | | 01-07-15 | 30-06-16 | | | | 18490 | 5400 | 23890 | બઢતી |
| 14 | – એજ– | આચાર્ય | PAY MATRIX 53100-167800 | 01-01-16 | 30-06-16 | | | | 61500 | 0 | 61500 | ROP-2016 PAY FIX |
| 15 | | | LEVEL-9 | 01-07-16 | 30-06-17 | | | | 63300 | 0 | 63300 | ઈજાફો |
| 16 | | | | 01-07-17 | 30-06-18 | | | | 65200 | 0 | 65200 | ઈજાફો |
| 17 | | | | 01-07-18 | 30-06-19 | | | | 67200 | 0 | 67200 | ઈજાફો |

નોંધ ; અગાઉ શિક્ષક ની નોકરી મા મેળવેલ ઉપધો જતુ કરી ને આચાર્ય મા પગાર બાંધણી કરાવે તો આ કેશમા કોઇ ફાયદો થતો નથી ઉલ્ટાનુ ઉપધો મળ્યા તારીખ થી મેળવેલ રકમ પરત કરવી પડે તે નુકશાન થાય , ૬ઠા પગાર પંચમા અગાઉના ગ્રેડ પે મા એક નિયમીત અને બીજો બઢતી નો એમ બે ઇજાફા ગણી ઉપધોનો ગ્રેડ પે ઉમેરી પગાર બાંધણી થાય માટે અગાઉ મેળવેલ ઉપધો નો લાભ ચાલુ રાખી આચાર્ય મા ૧૧ વર્ષે દ્વિતિય ઉપધો મેળવવુ સલાહ ભર્યુ છે પણ આચાર્યમા નિમણુક વખતે પગાર બાંધણીમા ભુલ થયેલી છે તે પગાર બાંધણી રિવાઇઝ કરાવી ૬ ઠા અને ૭ મા પગાર પંચના એનેક્સર રિવાઇઝ કરાવી જરુરી રિકવરી ભરી ફરીથી ઉપધો કેશ મુકવો પડે આ સાથેના XYZ કર્મચારીના બીજાપત્રકમા જણાવ્યા પ્રમાણે સુધારેલ પગાર વાળી ગણતરી મુજબ પગાર બાંધણી થાય અને ૧/૭/૧૭ થી ઉપધો ૬૫૨૦૦/ ફિક્સ થાય

Scanned with CamScanner
Scanned with CamScanner

## –: ઉચ્ચ.માધ્યમિક શિક્ષક માથી આચાર્ય પગાર પાયરી રીવાઈઝ પત્રક :– ( અગાઉ ના પગાર રક્ષણ સાથે )

કર્મચારીનુ નામઃ ABC — હોદાઃ આચાર્ય

(૧) અન ટ્રેઈન્ડ સર્વિસ ,LWP, નોકરીમા બ્રેક,ફાજલ,સીની ટાઈમ સ્કેલ,પ્રથમ ઉપધો,બઢતી વિગેરેની નોંધ કોલમ ૮ મા કરવી.

| ક્રમ | કઈ કઈ સંસ્થામાં નોકરી કરી તેનું નામ | હોદો | પ.ધો./પે–બેન્ડ પે મેટ્રીક્ષ | જે તે મૂળ પગાર તારીખ થી તારીખ સુધી | | મેળવેલ પગાર(ભુલ વાળુ) મૂળ પગાર | ગ્રેડ પે | બૈઝિક પગાર તબક્કાવાર | મળવાપાત્ર પગાર (સુધારેલ) મૂળ પગાર | ગ્રેડ પે | બૈઝિક પગાર તબક્કાવાર | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | | ૬ | | | ૭ | | | ૮ |
| 1 | | મદદ.શિક્ષક | 9300-34800 (PB 2) + 4600 GP | 01-01-06 | 30-06-06 | 13950 | 4600 | 18550 | 13950 | 4600 | 18550 | ROP-2009 PAY FIX |
| 2 | | | | 01-07-06 | 30-06-07 | 14510 | 4600 | 19110 | 14510 | 4600 | 19110 | ઈજાફો |
| 3 | | | | 01-07-07 | 02-01-08 | 15090 | 4600 | 19690 | 15090 | 4600 | 19690 | ઈજાફો |
| 1 | | આચાર્ય | 9300-34800 (PB 2)+ 4600 GP | 03-01-08 | 30-06-08 | 15090 | 4600 | 19690 | 15090 | 4600 | 19690 | સીધી ભરતી નિમણુક |
| 2 | | ૧/૭/૦૮ ના એક વધારાનો ઈજાફો | | 01-07-08 | 30-06-09 | 16300 | 4600 | 20900 | 0 | 0 | 0 | ઈજાફો |
| 3 | | આપેલ છે તે મળવાપાત્ર નથી | | 01-07-09 | 30-06-10 | 16930 | 4600 | 21530 | 15690 | 4600 | 20290 | ઈજાફો |
| 4 | | શિક્ષણ વિભાગના તા ૧૯–૦૬–૦૪ | | 01-07-10 | 30-06-11 | 17580 | 4600 | 22180 | 16300 | 4600 | 20900 | ઈજાફો |
| 5 | | ના ઠરાવ મુજબ ના મળે | | 01-07-11 | 30-06-12 | 18250 | 4600 | 22850 | 16930 | 4600 | 21530 | ઈજાફો |
| 6 | | સીધી ભરતી વખતે ઈજાફા તારીખે | | 01-07-12 | 30-06-13 | 18940 | 4600 | 23540 | 17580 | 4600 | 22180 | ઈજાફો |
| 7 | | પગાર બાંધણીનો વિકલ્પ મળવાપાત્ર નથી | | 01-07-13 | 30-06-14 | 19650 | 4600 | 24250 | 18250 | 4600 | 22850 | ઈજાફો |
| 8 | | | | 01-07-14 | 30-06-15 | 20380 | 4600 | 24980 | 18940 | 4600 | 23540 | ઈજાફો |
| 9 | | | | 01-07-15 | 31-12-15 | 21130 | 4600 | 25730 | 19650 | 4600 | 24250 | ઈજાફો |
| 10 | – એજ– | આચાર્ય | PAY MATRIX 44900-142400 | 01-01-16 | 30-06-16 | 68000 | 0 | 68000 | 64100 | 0 | 64100 | ROP-2016 PAY FIX |
| 11 | | | LEVEL-8 | 01-07-16 | 30-06-17 | 70000 | 0 | 70000 | 66000 | 0 | 66000 | ઈજાફો |
| 12 | | | | 01-07-17 | 30-06-18 | 72100 | 0 | 72100 | 68000 | 0 | 68000 | ઈજાફો |
| 13 | | | | 01-07-18 | 02-01-19 | 74300 | 0 | 74300 | 70000 | 0 | 70000 | ઈજાફો |
| 14 | ઉ.પ.ધો પાત્રતા | | 53100-167800 | 03-01-19 | 30-06-19 | 74300 | 0 | 74300 | 70000 | 0 | 70000 | વિકલ્પ |
| 15 | ૧૧ વર્ષ પુર્ણ થતા | | LEVEL-9 | 01-07-19 | 30-06-20 | 80200 | 0 | 80200 | 75600 | 0 | 75600 | બઢતી |
| 16 | | | | 01-07-20 | 30-06-21 | 82600 | 0 | 82600 | 77900 | 0 | 77900 | ઈજાફો |

સમજુતી: ૧) નોર્મલ લાઇનમા ( એકજ સંવર્ગમા ) ઉ.પ.ધો. મંજુર કરતી વખતે તરત પછીની ઇજાફા તારીખે પગાર બાંધણી નો વિકલ્પ મળવાપાત્ર છે

૨) મદદ.શિક્ષક માથી રાજીનામુ આપી સીધી ભરતીથી નિમણુક મેળવતા આચાર્યોને પગાર બાંધણી વખતે આવો વિકલ્પ મળવાપાત્ર નથી

૩) ઉ.પ.ધો મા પગાર બાંધણીમા વિકલ્પ લઇએ તો ફાયદો થતો હોઇ છે ઉપરોક્ત કેશ મા ઉપધો તા ૩/૧/૧૯ થી મળવાપાત્ર થાય છે જે તા ૧/૭/૧૯ થી સ્વીકારવામા આવે તો ૩૦/૬/૧૯ સુધી મળતો પગાર ૭૦૦૦૦ ચાલુ રહેશે તા ૧/૭/૧૯ ના પહેલો નિયમીત ઇજાફો લેવલ ૮ મા ૭૨૧૦૦ ત્યાર પછી બઢતી નો ઇજાફો ૭૪૩૦૦ મળે આ રકમ ઉપધો ના સ્ટેજમા લેવલ ૯ મા જોતા ૭૫૬૦૦ મા પગાર બાંધણી થાય પછીની ઇજાફા તારીખ ૧/૭/૨૦ થાય

Scanned with CamScanner

# –: ઉચ્ચ.માધ્યમિક શિક્ષક માથી આચાર્ય પગાર પાયરી રીવાઈઝ પત્રક :–(અગાઉના ઉપધો પગારનુ રક્ષણ જતુ કરીએ તો)

કર્મચારીનું નામ: ABC

હોદો: આચાર્ય

(૧) અન ટ્રેઈન્ડ સર્વિસ ,LWP, નોકરીમા બ્રેક,ફાજલ,સીની ટાઈમ સ્કેલ,પ્રથમ ઉપધો,બઢતી વિગેરેની નોંધ કોલમ ૮ મા કરવી.

| ક્રમ | કઈ કઈ સંસ્થામાં નોકરી કરી તેનું નામ | હોદો | પ.ધો./પે–બેન્ડ પે મેટ્રીક્ષ | જે તે મૂળ પગાર તારીખ થી તારીખ સુધી | | મેળવેલ પગાર | | | મળવાપાત્ર પગાર (સુધારેલ) | | | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | મૂળ પગાર | ગ્રેડ પે | બેઝિક પગાર તબકકાવાર | મૂળ પગાર | ગ્રેડ પે | બેઝિક પગાર તબકકાવાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | | ૬ | | | ૭ | | | ૮ |
| 1 | | મદદ.શિક્ષક | 9300-34800 (PB 2) + 4600 GP | 01-01-06 | 30-06-06 | 13950 | 4600 | 18550 | 13490 | 4400 | 17890 | ROP-2009 PAY FIX |
| 2 | | | | 01-07-06 | 30-06-07 | 14510 | 4600 | 19110 | 14030 | 4400 | 18430 | ઈજાફો |
| 3 | | | | 01-07-07 | 02-01-08 | 15090 | 4600 | 19690 | 14590 | 4400 | 18990 | ઈજાફો |
| 1 | | આચાર્ય | 9300-34800 (PB 2)+ 4600 GP | 03-01-08 | 30-06-08 | | | | 15160 | 4600 | 19760 | સીધી ભરતી નિમણુક |
| 2 | | ૩/૧/૦૮ ના એક વધારાનો ઈજાફો | | 01-07-08 | 30-06-09 | | | | 0 | 0 | 0 | ઈજાફો |
| 3 | | મળવાપાત્ર થાય, ૫/૧/૬૫ નો | | 01-07-09 | 30-06-10 | | | | 15760 | 4600 | 20360 | ઈજાફો |
| 4 | | શિક્ષણ વિભાગના તા ૧૯–૦૬–૦૪ | | 01-07-10 | 30-06-11 | | | | 16380 | 4600 | 20980 | ઈજાફો |
| 5 | | ના ઠરાવ મુજબ મળે | | 01-07-11 | 30-06-12 | | | | 17010 | 4600 | 21610 | ઈજાફો |
| 6 | | સીધી ભરતી વખતે ઈજાફા તારીખે | | 01-07-12 | 30-06-13 | | | | 17660 | 4600 | 22260 | ઈજાફો |
| 7 | | પગાર બાંધણીનો વિકલ્પ મળવાપાત્ર નથી | | 01-07-13 | 30-06-14 | | | | 18330 | 4600 | 22930 | ઈજાફો |
| 8 | | | | 01-07-14 | 30-06-15 | | | | 19020 | 4600 | 23620 | ઈજાફો |
| 9 | | | | 01-07-15 | 31-12-15 | | | | 19730 | 4600 | 24330 | ઈજાફો |
| 10 | –એજ– | આચાર્ય | PAY MATRIX 44900-142400 | 01-01-16 | 30-06-16 | | | | 64100 | 0 | 64100 | ROP-2016 PAY FIX |
| 11 | | | LEVEL-8 | 01-07-16 | 02-01-17 | | | | 66000 | 0 | 66000 | ઈજાફો |
| 12 | ઉ.પ.ધો પાત્રતા | | 53100-167800 | 03-01-17 | 30-06-17 | | | | 66000 | 0 | 66000 | વિકલ્પ |
| 13 | ૯ વર્ષ પુર્ણ થતા | | LEVEL-9 | 01-07-17 | 30-06-18 | | | | 71300 | 0 | 71300 | બઢતી |
| 14 | | | | 01-07-18 | 30-06-19 | | | | 73400 | 0 | 73400 | ઈજાફો |
| 15 | | | | 01-07-19 | 30-06-20 | | | | 75600 | 0 | 75600 | ઈજાફો |
| 16 | | | | 01-07-20 | 30-06-21 | | | | 77900 | 0 | 77900 | ઈજાફો |

નોંધ ; અગાઉ શિક્ષકની નોકરીમા મેળવેલ ઉપધો જતુ કરીને આચાર્યમા પગારબાંધણી કરાવે તો આ કેશમા કોઇ ફાયદો થતો નથી ઉલ્ટાનુ ઉપધો તારીખથી મેળવેલ શિક્ષકના ઉપધો ની મેળવેલી રકમ પરત કરવી પડે તે નુકશાન થાય

માટે અગાઉ મેળવેલ ઉપધો નો લાભ ચાલુ રાખી આચાર્ય મા ૧૧ વર્ષે દ્વિતિય ઉપધો મેળવવુ સલાહ ભર્યુ છે પણ આચાર્ય મા નિમણુક વખતે પગાર બાંધણીમા ભુલ થયેલી છે તે પગાર બાંધણી રિવાઇઝ કરાવી ૬ ઠા અને ૭ મા પગાર પંચના એનેક્સર રિવાઇઝ કરાવી જરુરી રિકવરી ભરી ફરીથી ઉપધો કેશ મુકવો પડે આ સાથેના બીજાપત્રક ABCમા જણાવ્યા પ્રમાણે સુધારેલ પગાર વાળી ગણતરી મુજબ પગાર બાંધણી થાય અને ૧/૭/૧૯ થી ઉપધો ૭૫૬૦૦/ ફિક્સ થાય

Scanned with CamScanner
Scanned with CamScanner

## 5TH Central Pay Commission

**( Effective from 01.01.1996 )**

1. **DA** is distinct element of remuneration and not treated as **Pay** under **FR9 (21).**
2. **DA** is granted on [**Basic Pay + Stagnation Increments + Non Practicing Allowances**] *only.*

**Inflation neutralization:** 100% for all Basic Pay ranges.
**Dearness Pay :** 50% DA of Basic Pay made as Dearness Pay w.e.f. 01.04.2004.

| Date | Rates of Dearness Allowance | Date | Rates of Dearness Allowance |
|---|---|---|---|
| 01.01.1996 | 0 | 01.01.2002 | 49% |
| 01.07.1996 | 4% | 01.07.2002 | 52% |
| 01.01.1997 | 8% | 01.01.2003 | 55% |
| 01.07.1997 | 13% | 01.07.2003 | 59% |
| 01.01.1998 | 16% | 01.01.2004 | 61% |
| 01.07.1998 | 22% | 01.04.2004 | 11% on (Basic Pay + Dearness Pay) |
| 01.01.1999 | 32% | 01.07.2004 | 14% on (Basic Pay + Dearness Pay) |
| 01.07.1999 | 37% | 01.01.2005 | 17% on (Basic Pay + Dearness Pay) |
| 01.01.2000 | 38% | 01.07.2005 | 21% on (Basic Pay + Dearness Pay) |
| 01.07.2000 | 41% | 01.01.2006 | 24% on (Basic Pay + Dearness Pay) |
| 01.01.2001 | 43% | 01.07.2006 | 29% on (Basic Pay + Dearness Pay) |
| 01.07.2001 | 45% | 01.01.2007 | 35% on (Basic Pay + Dearness Pay) |
| | | 01.07.2007 | 41% on (Basic Pay + Dearness Pay) |
| | | 01.01.2008 | 47% on (Basic Pay + Dearness Pay) |

Scanned with CamScanner

# Dearness Allowances Rates

## 7TH Central Pay Commission

**( Effective from 01.01.2016 )**

**Inflation neutralization:** 100% for all Pay Bands.

| Date | Rates of Dearness Allowance | Date | Rates of Dearness Allowance |
|---|---|---|---|
| 01.01.2016 | 0 | 01.01.2021 | |
| 01.07.2016 | 2% | 01.07.2021 | |
| 01.01.2017 | 4% | 01.01.2022 | |
| 01.07.2017 | 5% | 01.07.2022 | |
| 01.01.2018 | 7% | 01.01.2023 | |
| 01.07.2018 | 9% | 01.07.2023 | |
| 01.01.2019 | 12% | 01.01.2024 | |
| 01.07.2019 | 17% | 01.07.2024 | |
| 01.01.2020 | 21% | 01.01.2025 | |
| 01.07.2020 | | 01.07.2025 | |

## 6TH Central Pay Commission

**( Effective from 01.01.2006 )**

**Inflation neutralization:** 100% for all Pay Bands.

| Date | Rates of Dearness Allowance | Date | Rates of Dearness Allowance |
|---|---|---|---|
| 01.01.2006 | 0 | 01.01.2011 | 51% |
| 01.07.2006 | 2% | 01.07.2011 | 58% |
| 01.01.2007 | 6% | 01.01.2012 | 65% |
| 01.07.2007 | 9% | 01.07.2012 | 72% |
| 01.01.2008 | 12% | 01.01.2013 | 80% |
| 01.07.2008 | 16% | 01.07.2013 | 90% |
| 01.01.2009 | 22% | 01.01.2014 | 100% |
| 01.07.2009 | 27% | 01.07.2014 | 107% |
| 01.01.2010 | 35% | 01.01.2015 | 113% |
| 01.07.2010 | 45% | 01.07.2015 | 119% |
| | | 01.01.2016 | 125% |

Scanned with CamScanner

નવી સેવામાં ઉચ્ચતર પગાર ધોરણ
મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
સરકારી ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૨૦૦૨-૭૫-મ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧લી મે, ૨૦૦૨

વંચાણે લીધાઃ-(૧) સરકારી ઠરાવ ના.વિ. ક્રમાંકઃ પગર-૧૧૯૪-૪૪-મ, તા. ૧૬-૮-૯૪

(૨) સરકારી ઠરાવ ના.વિ. ક્રમાંકઃ પગર-૧૦૯૩-૮૭૧-ચ, તા. ૧૭-૬-૯૪

**આમુખ :**

સરકારી કર્મચારી મૂળ જગ્યા/સંવર્ગ/ સેવા છોડીને સીધી ભરતીથી અન્ય જગ્યા/સંવર્ગ/ સેવામાં જોડાય ત્યારે તેની અગાઉની સેવા/જગ્યા/સંવર્ગમાં મેળવતા છેલ્લા મૂળ પગારને રક્ષણ મળવાપાત્ર છે. સંદર્ભમાં દર્શાવેલ ક્રમાંકઃ (૨) ના તા. ૧૭-૬-૯૪ ના ઠરાવ મુજબ આવું પગાર રક્ષણ જયારે કોઇ કર્મચારી નવી જગ્યા/સંવર્ગમાં સમકક્ષ કે ઉંચા પગાર ધોરણમાં જાય ત્યારે જ મળવાપાત્ર થાય છે. નીચા પગાર ધોરણમાં જાય તો પગાર રક્ષણ મળવાપાત્ર નથી.

આ વિભાગના તા. ૧૬-૮-૯૪ ના ઠરાવથી બઢતીની મર્યાદિત તકોના સંદર્ભમાં ઉચ્ચતર પગાર ધોરણ યોજના અમલમાં મુકવામાં આવેલી છે. તેથી જયારે કોઇ કર્મચારી એક સંવર્ગમાં નવ વર્ષ કરતા વધારે સમયની નિયમિત સેવા બજાવીને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવ્યા પછી અન્ય સંવર્ગમાં સીધી ભરતીથી જોડાય ત્યારે તેને જુની જગ્યાએ મેળવેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ ઉકત પગાર રક્ષણથી અપાય તેમજ સીધી ભરતીથી નવી જગ્યાએ નિમણૂંક મેળવ્યા પછી નવ વર્ષ પુર્ણ થયે તે કર્મચારી ઉચ્ચતર પગાર ધોરણની માંગણી કરે તો આવા કિસ્સામાં ઉચ્ચતર પગાર ધોરણનો લાભ બેવડાય નહિ તે માટે વિચારણા કરવી જરૂરી જણાયેલ છે.

....૨...

: ઠરાવ :

૧: જે કર્મચારીને તેની અગાઉની મૂળ જગ્યાએ નવ વર્ષની નિયમિત સેવા પુર્ણ થયે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મંજુર થયેલો હોય અને ત્યારબાદ તેણે અન્યત્ર નવી જગ્યા/સંવર્ગમાં કે જે સમાન પગાર ધોરણ કે ઉંચું પગાર ધોરણ ધરાવતી નવી જગ્યા હોય તેવી જગ્યાએ નિયમિત ભરતી પધ્ધતિથી સીધી ભરતીથી નિમણૂંક મેળવેલી હોય અને સાથેસાથ જુની જગ્યાએ મેળવેલા ઉચ્ચતર પગાર ધોરણનું રક્ષણ પણ મેળવેલું હોય તેવા કર્મચારીને, નવી જગ્યાએ સીધી ભરતીથી નિમણૂંક થયા પછી નવ વર્ષની સેવા બાદ ફરીથી ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવેલું હોય તો તેવા કેસમાં સંબંધિત કર્મચારીએ વિકલ્પ આપવાનો રહેશે કે તે જુની જગ્યાએ અગાઉ મેળવેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ છેલ્લા મૂળ પગારના રક્ષણના આધારે ચાલુ રાખવા માંગે છે કે તે સીધી ભરતીથી નિમણૂંક મેળવી હોય તે નવી જગ્યામાં ઉચ્ચતર પગાર ધોરણનો લાભ લેવા માંગે છે. જો તે નવી જગ્યામાં ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવવાનો વિકલ્પ આપે તો જુની જગ્યાનું અગાઉ મેળવેલ ઉચ્ચતર પગાર ધોરણમાં મેળવેલ છેલ્લા પગારના રક્ષણ રદ કરવાનું રહેશે અને જો જુની જગ્યા/સંવર્ગમાં ઉચ્ચતર પગાર ધોરણમાં મેળવેલ છેલ્લા મૂળ પગારનું પગાર રક્ષણનો લાભ ચાલુ રાખવાનો વિકલ્પ આપે તો નવા સંવર્ગમાં તેને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરતી વખતે દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણની શરતો લાગુ પડશે. આવો વિકલ્પ કર્મચારીએ આ હુકમો પ્રસિદ્ધ થયાની **તારીખથી ત્રણ માસમાં આપવાનો રહેશે** અને સંબંધિત કર્મચારીના કચેરીના વડા/ખાતાના વડાએ આવો વિકલ્પ ઉકત નિયત સમય મર્યાદામાં સંબંધિત કર્મચારી પાસેથી મેળવી લેવાનો રહેશે. જેથી પાછળથી પ્રશ્નો ઉભા ન થાય.

૨: જો કર્મચારી કોઇ વિકલ્પ ના આપે તો જુની જગ્યાએ મેળવેલા ઉચ્ચતર પગાર ધોરણમાં આકારેલા છેલ્લા પગારનું રક્ષણ મૂળ અસરથી રદ કરવાનું રહેશે. આ અંગેના હુકમો સંબંધિત કચેરીએ તાત્કાલીક કરવાના રહેશે તેમજ ઉપર દર્શાવ્યા મુજબના વિકલ્પને પરિણામે જે કોઇ રકમની વસુલાત કરવાની થતી હોય તો તેની વસુલાતની કાર્યવાહી સંબંધિત કચેરીએ તાત્કાલીક કરવાની રહેશે.

૩: આ હુકમો થયા અગાઉ જે કર્મચારીને તેમની અગાઉ જુની જગ્યાએ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થયેલ હોય અને ત્યારબાદ અન્યત્ર નવી જગ્યા/સંવર્ગમાં સીધી ભરતીથી નિમણૂંક થઇ હોય તેમજ અગાઉ મેળવેલા ઉચ્ચતર પગાર ધોરણમાં મળતા છેલ્લા પગારનું રક્ષણ પણ મેળવેલું હોય તેવા કર્મચારીના કેસમાં તેની નવી નિમણૂંકની જગ્યાએ જો હજુ સુધી ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થયેલ ન હોય અને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાની તમામ શરતો પરિપૂર્ણ થતી હોય તો તેવા કર્મચારીને નવી જગ્યાએ મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ એ શરતે જ મંજુર

Scanned with CamScanner

Scanned with CamScanner

કરવાનું રહેશે કે તેણે અગાઉ મેળવેલો પગાર રક્ષણનો લાભ જતો કરવાનો રહેશે. આ માટેનું જરૂરી બાંહેધરીપત્ર તે કર્મચારીએ સંબંધિત કચેરીને રજુ કરવાનું રહેશે અને પરિણામે જે કોઇ રકમ વસુલાત કરવાપાત્ર થાય તે મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ સામે સરભર કરવાની રહેશે.

૪: આ હુકમો થયા અગાઉ જો કોઇ કર્મચારીને તેમની જુની જગ્યાએ મળતા ઉચ્ચતર પગાર ધોરણના પગારનું રક્ષણ આપવામાં આવેલું હોય તો અને જો સંબંધિત કર્મચારીએ ઉક્ત પેટા-ફકરા-(૧) મુજબ વિકલ્પ આપેલ હોય તેવા કેસમાં પગાર રક્ષણ રદ કરવાના હુકમો તાત્કાલીક કરવાના રહેશે અને વધારાની રકમની વસુલાત પણ કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

નીતિન મહેતા
ઉપસચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે ખાતાના / કચેરીના વડાઓ.
- એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ-૨(એકાઉન્ટસ એન્ડ એન્ટાઇટલમેન્ટ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ /ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
- નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ શાખાઓ.
- સર્વે માન્ય મંડળો.
- સિલેકટ ફાઇલ, મ-શાખા.

---

- પત્ર દ્વારા વ. ઝો(ગ) મજા પે.પે ૬/૦૨

(૧) ફળ ઢળગ ગ્રામ ઝ્ડલ વા.પા.
(૨) ગ્રામ્ઠીર, ઝડઢળ —

નવી સેવામાં ઉચ્ચતર પગાર ધોરણ
મંજુર કરવા બાબત.

A 3759
23/6/02

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
સરકારી ઠરાવ ક્રમાંક: પગર-૧૧૨૦૦૨- ૭૬-મ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૧-૦૬-૨૦૦૨.

વંચાણે લીધા :-(૧) સરકારી ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૫-મ,
તા. ૧૬-૮-૯૪
(૨) સરકારી ઠરાવ ક્રમાંક: પગર-૧૧૨૦૦૨-૭૫-મ,
તા. ૧-૫-૨૦૦૨

**: ઠરાવ :**

સંદર્ભ (૧) માં દર્શાવેલ ઠરાવથી રાજયના શિક્ષકો માટે ઉચ્ચતર પગાર ધોરણ યોજના અમલમાં મૂકવામાં આવેલી છે. સંદર્ભ (૨) માં દર્શાવેલ ઠરાવ શિક્ષકોને પણ લાગુ પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

ઉક્ત સંદર્ભ (૨) માં દર્શાવેલ ઠરાવમાં જણાવ્યા અનુસારનો વિકલ્પ સંબંધિત શિક્ષકોએ હુકમની તારીખથી ત્રણ માસમાં યોગ્ય સત્તાધિકારીને આપવાનો રહેશે અને સંબંધિત શિક્ષક પાસેથી યોગ્ય સત્તાધિકારીએ આવો વિકલ્પ ઉક્ત નિયત સમય મર્યાદામાં મેળવી લેવાનો રહેશે જેથી પાછળથી પ્રશ્નો ઊભા ન થાય.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રીમતી કે. એ. શાહ
સેકશન અધિકારી
નાણા વિભાગ.

..પાછળ જુઓ.

Scanned with CamScanner
Scanned with CamScanner

સરકારશ્રી ના નાણાં વિભાગના ઠરાવનંબર પગર-૧૧૨૦૦૨-૭૫-મ તા. ૧-૫-૨૦૦૨ નો
વિકલ્પ

---

વિકલ્પ

હું
-----------------------------------------------------------હોદ્દો---------------
--------શાળા/કચેરી------------------------
આથી નાણાં વિભાગના ઠરાવક્રમાંક પગર - ૧૧૨૦૦૨-૭૫-મ-તા.૧-૫-૨૦૦૨ ની જોગવાઈ અનુસાર નીચેની વિગતે વિકલ્પ આપું છું

અ. જુની જગ્યાએ અગાઉ મેળવેલ ઉચ્ચતર પગારધોરણ નો લાભ છેલ્લા મૂળપગારના રક્ષણના આધારે ચાલુ રાખવા માંગુ છું -

અથવા

બ. નવી જગ્યા કે જેના ઉપર સીધી ભરતીથી નિમણુંક મેળવેલ છે તે નવી જગ્યામાં ઉચ્ચતર પગારધોરણ નો લાભ લેવા માંગું છું

સ્થળ. ---------
સહી

તારીખ.-----------
નામ.----------------------

હોદ્દો.-------------

Scanned with CamScanner
Scanned with CamScanner

૯ (૦૭૯)
૨૩૨૫૦૬૬૦ (ફેક્સ)
૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૩૦૪ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૩૯૦૮ (નિરીક્ષક)
૨૩૨૫૪૫૦૬ (રહસ્ય સચિવ)

નં.સેલ/પેન.કપ.ફેક-૪/પે.ર./૬

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી


ગુજરાત રાજ્ય
સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ
બ્લોક નં-૧૭ ડૉ.જીવરાજ મહેતા ભવન સંકુલ,
[illegible] ૧૦,બી, [illegible]
ગાંધીનગર-૩૮૨૦૧૦.

તારીખ : ૩-૧૨-૨૦૦૪
૨-૨૦૦૫

પ્રતિ,
મહામંત્રીશ્રી, ગુજરાત રાજ્ય [illegible]
[illegible] સાર્વજનિક [illegible],
રામપુરા મેઈન રોડ,
સુરત
જિ.સુરત

વિષય : [illegible] ઉ.પ.ધો. [illegible] બાબત
સંદર્ભ : આપના તારીખ [illegible]

સવિનય,

ઉપરોક્ત વિષય પરત્વેના સંદર્ભમાં દર્શાવેલ પત્રના અનુસંધાને જણાવવાનું કે, કર્મચારી દ્વારા પ્રથમ ઉ.પ.ધો.નો લાભ ચાલુ રાખવાનો **વિકલ્પ** આપવામાં **આવેલ હોય તો બીજો ઉ.પ.ધો.** મેળવવા માટેની શરતો પરિપૂર્ણ કરવાથી [illegible] **એટલે કે** [illegible] તા.૧-૧૧-૧૯૯૯ થી **રૂ.૨૦૦૦-૩૫૦૦** ના [illegible] **ધોરણમાં આચાર્ય તરીકે** [illegible] **હોય તો તે કેડર / પગાર** ધોરણમાં **૧૧-વર્ષ પછી બીજું ઉ.પ.ધો. મંજુર કરવાનું રહે એટલે કે રૂ.૬૫૦૦-૧૦૫૦૦ સામે રૂ.૮૦૦૦-૧૩૫૦૦ નું ઉ.પ.ધો. તમામ શરતો પરિપૂર્ણ થતી** હોય તો તા.**૧-૧૧-૨૦૦૦** થી **મળવાપાત્ર** થાય છે [illegible].

**વિકલ્પ-૨** [illegible]

[illegible]

[illegible]
(અ.[illegible])
નાયબ નિરીક્ષક
સ્થાનિક ભંડોળ વિભાગ,
ગુ.રા., ગાંધીનગર

બિડાણ: ૨

## 23 (૧૦) બિનસરકારી શાળાઓના મદદનીશ શિક્ષક આચાર્ય તરીકે નિમણૂક પામે ત્યારે પગારધોરણનું રક્ષણ આપવા અંગે

કમિશનર, મ.ભો. અને શાળાઓની કચેરી, ક્રમાંક : ઘ/પેન-3/હાઇકોર્ટ/03-04/3737-62

બ્લોક નં. 12, ડો. જી. મ. ભવન, ગાંધીનગર, તા. 10-3-2004

પ્રતિ,

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,

જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી, (તમામ)

*સંદર્ભ : (1) આપશ્રીનો પત્રક્રમાંક : અગ્રાવિ/પેન્શન-03/04/1288-89, તા. 13-1-2004.*

વિષય : બિનસરકારી શાળાઓના મદદનીશ શિક્ષક આચાર્ય તરીકે નિમણૂક પામે ત્યારે પગારધોરણનું રક્ષણ આપવા બાબત.

ઉપરોક્ત વિષય અને સંદર્ભના અનુસંધાનમાં જણાવવાનું કે, બિનસરકારી શાળાના મદદનીશ શિક્ષક સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. 16-8-'94ના ઠરાવ અન્વયે ઉચ્ચતર પગારધોરણ રૂ. 8,000-13,500ના પગારધોરણમાં પગાર મેળવતા હોય અને પોતાની કે અન્ય શાળામાં સીધી ભરતીથી આચાર્ય તરીકે નિમણૂક પામે ત્યારે મદદનીશ શિક્ષકમાંથી રાજીનામું આપી આચાર્ય તરીકે હાજર થાય છે. આચાર્યનું પગારધોરણ રૂ. 6500-10000નું છે.

સરકારશ્રીના નાણાં વિભાગના પરિપત્રક્રમાંક : પગર/1093/871/ચ, તા. 17-6-'94 અન્વયે નવી નિમણૂક ઊંચી/વધુ પગારવાળી અથવા સરખા પગારવાળી જગ્યા પર થઇ હોય તેવા કિસ્સામાં નોંધ-8 મુજબ પગારનું રક્ષણ આપી શકાય. નીચા પગારધોરણવાળી જગ્યા પર નિમણૂક આપવામાં આવે તો પગાર કે પગારધોરણનું રક્ષણ મળવાપાત્ર નથી. તો આપના જિલ્લા હસ્તકની બિનસરકારી શાળાઓને આ અંગે પરિપત્ર કરી જાણ કરશો અને જાણ કર્યા અંગેની નકલ આ કચેરીને મોકલી આપશો.

સહી, એમ. પી. પટેલ

સંયુક્ત નિયામક (હિસાબ), ગાંધીનગર

* * *



Scanned with CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner

૦૦-૭-૯૪.

પગાર રક્ષિત કરવા બાબત...
પગાર બાંધણી બાબતે સ્પષ્ટતા

# ગુજરાત સરકાર

નાણાં વિભાગ

પરિપત્ર ક્રમાંક : પગર-૧૦૯૩-૮૭૧-ચ.

સચિવાલય, ગાંધીનગર તા. ૧૭મી જૂન, ૧૯૯૪.

## પરિપત્ર

મુંબઈ મુલ્કી સેવા નિયમો, ૧૯૫૯ના નિયમ-૪૧ હેઠળની નોંધ-૮ થી એક સરકારી કચેરીમાં ફરજો બજાવતા સરકારી કર્મચારી જ્યારે ગુજરાત જાહેર સેવા આયોગ અથવા અન્ય માન્ય ભરતી પધ્ધતિ દ્વારા પસંદગી પામી રાજ્ય સરકારના અન્ય ખાતા કે કચેરીમાં નિમણૂક મેળવે ત્યારે તે કર્મચારીના પગારને રક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈના સંદર્ભમાં નીચે મુજબ સ્પષ્ટતાઓ કરવામાં આવે છે :-

(૧) નવી નિમણૂક ઉંચાં/વધુ પગાર ધોરણ અથવા સરખા પગાર ધોરણ વાળી જગ્યા પર થઈ હોય તેવા કિસ્સામાં નોંધ-૮ મુજબ પગાર રક્ષણ આપી શકાશે. નીચા પગાર ધોરણ ધરાવતી જગ્યા ઉપર નિમણૂક આપવામાં આવે તો આ લાભ આપી શકાશે નહીં.

(૨) ઉપર મુજબ જ્યારે પગાર રક્ષિત કરવામાં આવે ત્યારે પગાર બાંધણી નીચે મુજબ કરવાની રહેશે. :-

(ક) કર્મચારી જે પગાર ધોરણમાં હોય તે પગાર ધોરણ અને નવી નિમણૂકના પગાર ધોરણમાં સરખા તબક્કા હોય તે કિસ્સામાં, કર્મચારી જે તબક્કે હોય તે તબક્કે જ નવા પગાર ધોરણમાં પગાર બાંધણી કરવાની રહેશે અને ઈજાફાની જુની તારીખ જાળવવાની રહેશે.

(ખ) કર્મચારી પોતાની મૂળ નિમણૂકવાળી જગ્યા પરથી નવી નિમણૂકની જગ્યા પર નિમણૂક પામે અને તે જગ્યાના પગાર ધોરણમાં સરખો તબક્કો ન હોય તો નવા નિમણૂકવાળી જગ્યાના પગાર ધોરણમાં તુર્તજ નીચેના તબક્કે પગાર બાંધણી કરવી અને આમ કરતાં મૂળ પગારમાં જેટલો ઘટાડો થાય તે રકમ અંગત પગાર તરીકે આપવાની રહેશે જે ભવિષ્યમાં મળનાર ઈજાફામાં ભેળવી દેવાની રહેશે. આ કિસ્સામાં પણ ઈજાફાની મૂળ તારીખ જાળવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રીમતી આર. એમ. મહેતા,
ઉપ-સચિવ,
નાણાં વિભાગ.

પ્રતિ,

*રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર,
મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રી/વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર,
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
*રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર,
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત (૧) ઓડિટ, ગુજરાત, અમદાવાદ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત (૨) એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટલમેન્ટ, રાજકોટ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટલમેન્ટ) એ. જી. (એ. એન્ડ ઈ)ની કચેરી, અમદાવાદ,
સિનિયર એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ઓડિટ) રાજકોટ,
સચિવાલયના સર્વે વિભાગો,
સર્વે ખાતાના વડાઓ/કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર,
નાણાં વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ,
પસંદગી ફાઈલ, નાણાં વિભાગ, 'ચ' શાખા.

*પત્ર દ્વારા.

Scanned with CamScanner

Scanned with CamScanner

*Option for choosing date for Fixation of Pay under BCSR-41-A-on promotion—*

# GOVERNMENT OF GUJARAT,

## FINANCE DEPARTMENT,

Resolution No. PGR-1088-1142-CH,

New Sachivalaya Complex, Gandhinagar, Dated the 6th April, 1990.

## *RESOLUTION*

With a view to afford relief to employees who are promoted before drawing increment due in the lower post, Government is pleased to decided that in future a Government employee may be given an option, to be exercised within one month of the date of promotion to have his pay on promotion fixed as under :

(a) Either his initial pay may be fixed in the higher post on the basis of BCSR-41-A straightway without any further review on accrual of increment in the pay scale of the lower post; or;

(b) his pay, on promotion may be fixed initially in the manner as provided under BCSR-41(a) (i) which may be refixed on the basis of the provisions of BCSR-41-A on the date of accrual of next increment in the scale of pay of the lower post.

If the pay is fixed under (b) above, the next date of increment will fall due on completion of 12 months qualifying service from the date the pay is refixed on the second occasion.

2. In the event of an officer/employee refusing promotion even after the above concessions become available he would be debarred from promotion for a period of one year.

3. The option is to be allowed only in cases of promotion to higher posts in normal line, in a Cadre/post. This order will not be applicable in cases of appointment by transfer on deputation and the like.

4. The option may be uniformly allowed in respect of all promotions effected on or after the date of issue of this G.R. where the fixation of pay is to be made under BCSR-41-A, irrespective of the fact whether there is an impending anomaly or not.

5. The option is not admissible in respect of *adhoc* promotion. However, in case where such a promotion is followed by regular appointment to the higher post without any break in *adhoc* promotion and regular appointment, the option may be allowed as from the date of initial appointment to the higher post to be furnished within one month from the date of such regular appointment.

6. The option may be allowed also in cases where the initial fixation of pay in the scale of the higher post in the manner provided under BCSR-41(a) (i) and the one under BCSR-41-A, both happen to be the same.

7. These orders take effect from 1st of January, 1990.

8. In cases of employees who were promoted during the period from 1st January, 1990 to 5th April, 1990, the employees concerned should exercise the option on or before 30th June, 1990.

Necessary amendments to the relevant provisions of BCSRs will be made in due course.

By order and in the name of the Governor of Gujarat,

B. N. SURATI,
Under Secretary to the Government of Gujarat,
Finance Department.

Copy to :—

- *The Secretary to the Governor.
- The Secretary to the Chief Minister.
- The Personal Secretaries to all Ministers/State Level Minister.
- *The Secretary, Gujarat Legislature Secretariat, Gandhinagar.
- *The Registrar, Gujarat High Court, Ahmedabad.
- *The Secretary, Gujarat Civil Services Tribunal, Gandhinagar.
- *The Secretary, Gujarat Public Service Commission, Ahmedabad.
- All Secretariat Departments.
- All Heads of Departments/Offices.

Scanned with CamScanner
Scanned with CamScanner

**27 (૧૪) બિનસરકારી શાળાઓમાં આચાર્ય તરીકે નિમણૂક પામેલાઓને સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. 29-10-'77 ના ઠરાવ અન્વયે તા. 5-1-'65નો લાભ આપવા અંગે**

કમિશનરશ્રી, મ.ભો.યો. અને શાળાઓની કચેરી, ક્રમાંક : પેન-3/ધ/2002-03/9906-9931
બ્લૉક નં.12, ડૉ. જી. મ. ભવન, ગાંધીનગર, તા. 17-6-2002

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
તમામ જિલ્લાઓ

**વિષય :** *બિનસરકારી શાળાઓમાં આચાર્ય તરીકે નિમણૂક પામેલાઓને સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. 29-10-'77 ના ઠરાવ અન્વયે તા. 5-1-'65 નો લાભ આપવા બાબત.*

***સંદર્ભ :*** *(1) આ કચેરીનો પત્રક્રમાંક : વ-3/ધ/ઉ.પ.ધો./2000/5687 થી 5713, તા. 1-6-'2001.*
*(2) આ કચેરીનો પત્રક્રમાંક : વ-3/2000-01/13253-87, તા. 15-10-'2001.*
*(3) પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરીનો પત્રક્રમાંક : ડીપીપી/એલએમ/નાણાં વિભાગ સંદર્ભે/723, તા. 30-4-2002.*

ઉપરોક્ત વિષય અને સંદર્ભના અનુસંધાને જણાવવાનું કે બિનસરકારી શાળાઓના મદદનીશ શિક્ષકશ્રીઓને આર.ઓ.પી. 87 માં પગારધોરણ રૂ. 1400-2600, સિલેક્શન ગ્રેડ રૂ. 1640-2900 અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષકનું પગારધોરણ રૂ. 1640-2900, ગુજરાત મુલકી સેવા (પગારસુધારણા) નિયમો 1998 ના પગારધોરણ રૂ. 5000-8000 અને પગારધોરણ રૂ. 5500-9000 માં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય અને સરકારશ્રીના નાણાં વિભાગના તા. 5-7-'91 અને તા. 16-8-'94 ના ઠરાવ અનુસાર ઉચ્ચતર પગારધોરણ મેળવેલ ન હોય અથવા ઉચ્ચતર પગારધોરણ મેળવેલ હોય પરંતુ આચાર્ય સંવર્ગનું પગારધોરણ રૂ. 2000-3500 આર.ઓ.પી. 98 માં પગારધોરણ રૂ. 6500-10500 મેળવવાના હોય તેવા શિક્ષકો પોતાની કે અન્ય શાળામાં આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમણૂક મેળવી હોય ત્યારે તેઓને સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. 29-10-'77 ના ઠરાવની જોગવાઈ અનુસાર નાણાં વિભાગના તા. 5-1-'65 નો લાભ મળવાપાત્ર થાય.

જે શિક્ષકોએ સરકારશ્રીના તા. 5-7-'91 ના અને તા. 16-8-'94 ના ઠરાવ અનુસાર 9-20-31 યોજનાનો લાભ લઈ આચાર્યના સંવર્ગનું પગારધોરણ મેળવતાં હોય અને પોતાની કે અન્ય શાળાઓમાં આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમાય ત્યારે નાણાં વિભાગના તા. 5-1-'65 ના ઠરાવનો બેવડો લાભ મળવાપાત્ર નથી, તેની નોંધ લેવા અને આપની કચેરીહસ્તકની શાળાઓને જાણ કરશો. આ સૂચના અનુસાર પગારનિર્ધારણની કાર્યવાહી કરશો.

સહી, સત્તાધિકારી
સંયુક્ત શિક્ષણ નિયામક (હિસાબ), ગાંધીનગર

Scanned with CamScanner
Scanned with CamScanner
Scanned with CamScanner

## 29 (૨) શાળાના શૈક્ષણિક કર્મચારીઓ આચાર્ય તરીકે નિમણૂક પામે ત્યારે એક ઇજાફાનો લાભ આપવા બાબતમાં જરૂરી સ્પષ્ટતાઓ બહાર પાડવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ/132001/1102/ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 19-6-2004

*વંચાણે લીધા :*

*(1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પીએવાય/1264/467/ચ, તા. 5-1-'65.*

*(2) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : એસએસએન/3475/ખા-1951/(2)/ગ, તા. 29-10-'77.*

*(3) નાણાં વિભાગનો સરકારી ઠરાવક્રમાંક : પગર/1194/45/મ, તા. 16-8-'94.*

*(4) કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજનયોજના અને શાળાઓની કચેરીનો પત્રક્રમાંક : વ-3/ધ/ઉ. પ. ધો./2000/2001/3148, તા. 13-3-2001.*

*(5) કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજનયોજના અને શાળાઓની કચેરીનો પત્રક્રમાંક : પેન/3/રક્ષિત/2002/2003/1279, તા. 20-1-2003.*

**ઠરાવ :**

ઉપર આમુખક્રમાંક (3)માં જણાવેલ નાણાં વિભાગના ઠરાવક્રમાંક : પગર/1194/45/મ, તા. 16-8-'94 થી શિક્ષકોને બઢતીનો અભાવ અથવા બઢતીની મર્યાદિત તકોનો પ્રશ્ન હાથ ધરવા માટે સુધારેલ ઉચ્ચતર પગારધોરણની યોજના અમલમાં મૂકેલ છે. જેની જોગવાઇઓ ધ્યાનમાં લેતાં ઉપર આમુખક્રમાંક (2)માં જણાવેલા આ વિભાગના તા. 29-10-'77ના ઠરાવ મુદ્દા નંબર (1) થી કરેલ જોગવાઇમાં નાણાં વિભાગના ઠરાવો/સ્થાયી સૂચનાઓને અનુરૂપ જરૂરી સુધારો/સ્પષ્ટતાઓ બહાર પાડવાની બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં પુખ્ત વિચારણાને અંતે આ વિભાગના તા. 29-10-'77ના ઠરાવ મુદ્દા (1) સુધારીને નીચે મુજબના હુકમો બહાર પાડવા આથી સરકારશ્રી ઠરાવે છે :

(1) જે મદદનીશ શિક્ષકો રૂ. 1400-2600ના પગારધોરણમાં હોય અને નવ વર્ષ બાદ પ્રથમ ઉચ્ચતર પગારધોરણ મેળવી રૂ. 1640-2900ના પગારધોરણ મેળવ્યા બાદ જ્યારે આચાર્ય તરીકે નિમણૂક પામે ત્યારે એક ઇજાફો આમુખમાં ક્રમાંક (1) આગળ ઉલ્લેખ કરેલ તા. 5-1-'65ના ઠરાવ મુજબ આપી પગાર નક્કી કરવાનો રહેશે.

(2) જે મદદનીશ શિક્ષકોએ કોઇપણ પ્રકારનું ઉચ્ચતર પગારધોરણ મેળવેલ ન હોય તેવા મદદનીશ શિક્ષકોની આચાર્ય તરીકે નિમણૂક થાય ત્યારે સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઉલ્લેખ તા. 29-10-'77ના ઠરાવ મુજબ આમુખમાં ઉલ્લેખ ક્રમાંક (1) આગળના નાણાં વિભાગના તા. 5-1-'65ના ઠરાવની જોગવાઇ અન્વયે એક ઇજાફો આપી પગાર નક્કી કરવાનો રહેશે.

(3) જે મદદનીશ શિક્ષકોએ ઉચ્ચતર પગારધોરણ મેળવી આચાર્યસંવર્ગના પગારધોરણ રૂ. 2000-3500 કે રૂ. 6500-10,500ના પગારધોરણમાં હોય તેવા મદદનીશ શિક્ષકો આચાર્ય તરીકે નિમણૂક પામે ત્યારે શિક્ષણ વિભાગના તા. 29-10-'77ના ઠરાવ મુજબ વૈકલ્પિકભથ્થું રદ થતાં નાણાં વિભાગના તા. 5-1-'65ના ઠરાવ મુજબ એક ઇજાફો આપી શકાશે નહિ, પરંતુ જે-તે પગાર મેળવતા હો તે જ પગાર અને પગારધોરણ આચાર્ય તરીકે નિમણૂક થાય ત્યારે મળવાપાત્ર થશે.

2. ઉપર આમુખક્રમાંક : (3) માં જણાવેલા નાણાં વિભાગના તા. 16-8-'94ના ઠરાવ પછી આવા પ્રકારના ઉપસ્થિત તેમ જ હવે પછીના તમામ કેસોમાં તદ્અનુસારની આનુષંગિક કાર્યવાહી કરવાની રહેશે.



Scanned with CamScanner
Scanned with CamScanner

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. 8-4-2004ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એસ. એમ. ગામીત
ઉપસચિવ, શિક્ષણ વિભાગ

* * *

Scanned with CamScanner
Scanned with CamScanner

ક્રમાંક : બમશ/૧૧૧૬/૬૫૫/ગ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૯.૧૦.૨૦૧૬

પ્રતિ,
નિયામકશ્રી,
હિસાબ અને તિજોરી,
હિસાબ અને નિયામકની કચેરી,
ડૉ. જીવરાજમહેતા ભવન,
ગાંધીનગર.

વિષય:- બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા સીધી ભરતીના આચાર્યના પગાર ધોરણ બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે આપના તારીખ ૨૦-૦૮-૨૦૧૬ના પત્ર ક્રમાંક : હિતિનિ/PVU/ફા.નં.૨૨/૨૦૧૬/૨૦૩ માંગેલ માર્ગદર્શન બાબતે નીચે જણાવેલ સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧) બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક કર્મચારીઓ આચાર્ય તરીકે નિમણૂંક પામે ત્યારે એક ઈજાફો આપી પગાર બાંધણી નાણા વિભાગના તારીખ ૦૫-૦૧-૧૯૯૫ના ઠરાવ અન્વયે કરવામાં આવે છે તેમાં તારીખ ૧૯-૦૬-૨૦૦૪ પછી જે મદદનીશ શિક્ષકને ૧૪૦૦-૨૬૦૦ના પગાર ધોરણમાં હોય અને નવ વર્ષ બાદ ઉચ્ચતર પગાર ધોરણ મેળવી ૧૬૪૦-૨૯૦૦ના પગાર ધોરણમાં તારીખ ૦૧-૦૧-૧૯૯૫ના નાણા વિભાગના ઠરાવ મુજબ એક ઈજાફો આપી આચાર્યના પગાર ધોરણમાં નિમણૂંક અપાયેલ ત્યાં રીફીક્શેશન કરવાનું રહેશે નહી કે કોઈ રીકવરી કરવાની રહેશે નહીં. પરંતુ રૂ.૨૦૦૦-૩૫૦૦માં (૬૫૦૦-૧૦૫૦૦) ઉચ્ચતર પગાર ધોરણ મેળવીને આચાર્યના સંવર્ગમાં ફક્ત રૂ.૬૫૦૦-૧૦૫૦૦ (જુનું પગારધોરણ ૨૦૦૦-૩૫૦૦) ના પગાર ધોરણમાં આચાર્ય તરીકે નિમણૂંક પામેલ હોય અને તરીખ ૦૫-૦૧-૧૯૯૫ના ઠરાવ મુજબ આચાર્યના પગાર ધોરણમાં એક ઈજાફો

Scanned with CamScanner
Scanned with CamScanner

આપીને પગાર ફીક્સ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં વર્ષ ૨૦૦૪ (તારીખ ૧૯-૦૬-૨૦૦૪) વર્ષ ૨૦૦૯ (તારીખ ૦૩-૧૨-૨૦૦૯) સુધીમાં જેઓને આ રીતે લાભ મળેલ હોય તેવા કિસ્સા રીફીકશેશન કરી પગાર બાંધણી કરવાની રહેશે તથા રીક્વરી કરવાપાત્ર હોય તેવા કિસ્સામાં રીક્વ કરવાની રહેશે.

(૨) સીધી ભરતીના આચાર્યની ભરતી તારીખ ૦૩-૧૨-૨૦૦૯ના ઠરાવમાં જણાવ્યા મુજબ થયેલ હોય તે રીક્વરી કે રીફીકશેશન કરવાનું રહેશે નહીં.

(૩) વર્ષ ૨૦૦૯ (તારીખ ૦૩-૧૨-૨૦૦૯) પછી જો તારીખ ૦૫-૦૧-૧૯૬૫ના ઠરાવ અન્વયે એક ઈજા આપી પગાર બાંધણી કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં પણ રીફીકશેશન કરવાનું રહેશે.

આપનો વિશ્વાસુ,

(કશ્યપ પાઠક)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

Scanned with CamScanner
Scanned with CamScanner

ક્રમાંક:બમશ / ૧૧૧૬/૬૫૫/ગ
શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
તારીખ: 21 JUL 2016

સમય-મર્યાદા

પ્રતિ,
નિયામકશ્રી,
હિસાબ અને તિજોરી,
હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર..

વિષય: બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા સીધી ભરતીના આચાર્યના પગાર ધોરણ બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા સીધી ભરતીના આચાર્યના પગાર ધોરણ બાબતે આપની કચેરીના તારીખ: ૧/૪/૨૦૧૬ના પત્ર ક્રમાંક: હિતિનિ/ પીવીયુ/ફા.નં-૨૨/ ૨૦૧૫/૬૭થી માંગેલ સ્પષ્ટતા બાબતે નીચે જણાવેલ સ્પષ્ટતા કરવામાં આવે છે.

૧) બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કામ કરતા મદદનીશ શિક્ષકને ઉચ્ચતર પગાર ધોરણ મળ્યા બાદ સીધી ભરતીથી આચાર્ય તરીકેની સેવા સ્વીકારે ત્યારે પગાર અને પગાર ધોરણનું રક્ષણ એટલે કે તેમને મળતા ઉચ્ચતર પગાર ધોરણમાં આચાર્ય તરીકે નિમણૂંક પામે ત્યારે જે તે પગાર અને પગાર ધોરણ જળવાઇ રહે.

૨) બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કામ કરતા મદદનીશ શિક્ષકને ઉચ્ચતર પગાર ધોરણ મળ્યા બાદ સીધી ભરતીથી આચાર્ય તરીકેની સેવા સ્વીકારી હોય તેવા આચાર્યોને જો જે તે પગાર ધોરણ ઉપરાંત નાણાં વિભાગના તારીખ: ૫/૧/૧૯૬૫ના ઠરાવ ક્રમાંક: પીએવાય /૧૨૬૪/૪૬૭/ચ અન્વયે એક ઇજાફો અપાયેલ હોય તો તેને તારીખ: 3/૧૦/૨૦૦૯ સુધી પગારનું રક્ષણ ગણી રીકવરી કરવાની ન થાય પરંતુ વિભાગના તારીખ: 3/૧૦/૨૦૦૯ના ઠરાવથી નાણા વિભાગના ૧૯૬૫ના

ઠરાવ અન્વયેનો એક ઇજાફો નક્કી કરવાનું બંધ કરેલ છે તેથી તે પછી આવું ફીકસેશન થાય.

ઉપર જણાવેલ બન્ને સ્પષ્ટતાઓ સાથે આવા કિસ્સામાં વિભાગના તારીખ: ૩/૧૨/૨૦૦૯ના ઠરાવ ક્રમાંક: બમશ/ ૧૩૨૦૦૧/૧૧૦૨/ગ મુજબ કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

૧૧/૭/૨૦૧૮.

(જયેશ જોષી)

ઉપ સચિવ,

શિક્ષણ વિભાગ

નકલ રવાના :

- સંયુકત સચિવશ્રી(સેવા) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- નિયામકશ્રી, નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ.

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (ગ્રાન્ટ ઈન એઈડ) શાળાઓમાં ફરજ બજાવતા સીધી ભરતીના આચાર્યના પગાર ધોરણ બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૦૪-૧૧૩૦-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૩.૧૨.૨૦૦૯

<u>વંચાણે લીધાઃ-</u>

૧. કમિ. મ.ભો.યોજના અને શાળાઓની કચેરીનો તા. ૩૦.૫.૨૦૦૮ નો પત્ર નં. ધ-પેન-૨૦૦૮-૦૯-૮૪૬૨.

આમુખઃ-

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (ગ્રાન્ટ ઈન એઈડ) શાળાઓમાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષકોમાંથી જે શિક્ષકો પાંચ વર્ષનો કે તેથી વધુ અનુભવ ધરાવતા હોય તેઓને તે શાળા કે અન્ય શાળામાં આચાર્યની જગ્યા માટે જાહેરાત આવતાં તેઓ આચાર્યની જગ્યાએ પસંદગી માટે ઉમેદવારી નોંધાવે છે કારણ કે આચાર્યની જગ્યાએ સીધી પસંદગી કરી નિમણૂક કરવાની રહે છે, અને તેમાં બઢતી આપવામાં આવતી નથી. તેથી આવા શિક્ષકો જયારે આચાર્ય તરીકેની પસંદગી પામે અને મદદનીશ શિક્ષકના પગાર ધોરણમાં પ્રથમ અથવા ધ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ મેળવતા હોય, ત્યારે આચાર્યની જગ્યાએ જયારે પસંદગી પામી નિમણૂક પામે છે ત્યારે આચાર્ય સંવર્ગના શરુઆતના પગાર ધોરણ ઉપર તેઓને ઓછા પગાર સ્કેલમાં નિમણૂક આપવામાં આવે છે. શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ ક્રઃ એસએસએન-૩૪૭૩-૪૭૨૦૩-જી, તા. ૧.૩.૭૪ અને ઠરાવ ક્રઃ એસએસએન-૩૪૭૩-૩૭૨૦૩-જી, તા. ૩૧.૧.૭૪ અનુસાર બિન સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓને પેન્શન યોજના લાગુ પાડવામાં આવતાં કર્મચારી એક શાળામાંથી છુટા થઇ અન્ય શાળામાં જોડાય તો તેમને મળતાં છેલ્લા પગારનું રક્ષણ આપવામાં આવે છે. પરંતુ, નાણાં વિભાગના તા. ૧૭.૬.૧૯૯૪ ના ઠરાવ ક્રમાંકઃ પગાર-૧૦૯૩-૮૭૧-ચ ના ઠરાવ અન્વયે નવી નિમણૂક ઊંચી / વધુ પગારવાળી અથવા સરખા પગારવાળી જગ્યા પર થઇ હોય તેવા કિસ્સામાં પગારનું રક્ષણ મળવાપાત્ર થાય છે જયારે નીચા પગાર ધોરણવાળી જગ્યા ઉપર નિમણૂક આપવામાં આવે તો પગાર કે પગાર ધોરણનું રક્ષણ મળવાપાત્ર થતું ન હોવાથી નામ. માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલમાં તથા નામ. હાઈકોર્ટમાં પણ લીટીગેશન થયેલ. કેટલાંક કિસ્સાઓમાં આચાર્યની જગ્યા પર નિમણૂક થયા પછી સેવાનિવૃત્ત થતા કર્મચારીઓના કિસ્સા પણ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી તરફથી પરત કરવામાં આવે છે તેવું ધ્યાને આવેલ છે. શાળાઓમાં આચાર્યની જગ્યા વિના ચલાવી શકાય નહીં અને આચાર્યની જગ્યા પર સીધી પસંદગીથી નિમાતા કર્મચારી તે જ શાળા કે અન્ય શાળામાંથી મદદનીશ શિક્ષકની જગ્યામાં અનુભવી થયા પછી ઉમેદવારી કરી આવતાં હોવાથી જે સંજોગોમાં તેઓને મદદનીશ શિક્ષકની જગ્યાએ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ લીધા પછી જયારે આચાર્યની જગ્યાએ સીધી પસંદગીથી નિમણૂક પામે ત્યારે નીચા પગાર ધોરણ મુકવાથી પ્રશ્નો ઉપસ્થિત થયેલ જેનાથી કેટલાંક કેસોમાં રીકવરીના પ્રશ્નો પણ ઉપસ્થિત થયેલ.

જે મદદનીશ શિક્ષક ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા પછી આચાર્યની જગ્યાએ સીધી ભરતીથી નિમણૂક પામે તેઓને આચાર્યના પગાર ધોરણમાં નીચલા પગાર ધોરણમાં ન મુકતાં તેઓને પગારનું રક્ષણ આપવા બાબતે થયેલ રજુઆતો તથા કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરીની તા. ૩૦.૫.૨૦૦૮ ની ઉપર વંચાણે લીધેલ ક્રઃ (૧) પરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે રાજયમાં આવેલ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ( ગ્રાન્ટ ઇન એઇડ ) શાળાઓમાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષકો ઉચ્ચતર પગાર ધોરણ મેળવી સીધી ભરતીથી આચાર્ય તરીકે નિમણૂક પામેલ છે તેવા કિસ્સાઓમાં અને હવે પછી જેઓ આચાર્ય તરીકે મદદનીશ શિક્ષકમાં ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા પછી સીધી ભરતીથી નિમણૂક મેળવે તેઓના કેસમાં ખાસ કિસ્સામાં પગાર અને પગાર ધોરણના રક્ષણનો લાભ આપવા આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

અગાઉ પણ આ રીતે નિમણૂક થયેલ કિસ્સાઓમાં રિકવરી ન કરવા આથી જણાવવામાં આવે છે અને તેઓના કેસોમાં પણ પગારનું રક્ષણ આપવાનું રહેશે. પરંતુ, આ ઠરાવ હેઠળ પગાર અને પગાર ધોરણનું રક્ષણ મેળવતા આચાર્યોને નાણાં વિભાગના તા. ૫.૧.૧૯૬૫ ના ઠરાવ ક્રઃ પીએવાય-૧૨૬૪-૪૬૭-ચ, અન્વયે એક ઇજાફો આપી પગાર નકકી કરવામાં આવતો હતો તે હવેથી આપવાનો રહેશે નહીં.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨.૧૨.૨૦૦૯ ની મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન.પી.વાછાણી)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (મા.શિ.) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ગાંધીનગર.
- તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી.......................
- એકાઉન્ટન્ટ જનરલશ્રી- ૧ (ઓડીટ) , ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ૨ (એ.એન્ડ ઇ.) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ / સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નાણાં વિભાગ, (પે સેલ) સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન્ય મંડળો.....
  ( માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ)
- કોમ્પ્યુટર સેલ, વેબસાઇટ પર મુકવા માટે. - ગ૧ શાખા, છ શાખા, શિક્ષણ વિભાગ. - સીલેકટ ફાઇલ.

Scanned with CamScanner

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સીધી ભરતીથી લેવાયેલ આચાર્યોને એન્ટ્રી લેવલ પેનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૦૯-મ.શિ.-૧-ગ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૨૬/૧૨/૨૦૧૬.

**વંચાણે લીધા :-**

(1) નાણા વિભાગના તારીખ ૨૭-૦૨-૨૦૦૯ જાહેરનામા ક્રમાંક : (GN-8) PGR-1009-2-Pay cell (M)

(2) નાણા વિભાગના તારીખ ૧૪-૦૯-૨૦૧૧ના ઠરાવ ક્રમાંક : પીજીઆર/૧૦૨૦/૬૪/પે સેલ (એમ)

(3) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીના તારીખ ૨૫-૦૪-૨૦૧૩ના પત્ર ક્રમાંક : અનદ-ધ/૨૦૧૨/૧૩/૭૬૪૮.

(4) નાણા વિભાગના તારીખ ૧૦-૦૮-૨૦૧૬ના પત્ર ક્રમાંક : પગર/૧૦૨૦૧૨/યુઓ-૧૫/પગાર એકમ

(5) શિક્ષણ વિભાગના તારીખ ૩૦-૦૮-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૦૯/મં.શિ.-૧/ગ

(6) ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના તારીખ ૦૨-૦૯-૨૦૧૬ની રજુઆત.

**ઠરાવ :-**

રાજ્ય સરકારના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચની ભલામણોના અમલીકરણ માટે નાણા વિભાગના તારીખ ૧૪-૦૯-૨૦૧૧ના ઠરાવથી સરકારી કર્મચારીઓને એન્ટ્રી લેવલ પે સ્કેલનો લાભ આપેલ છે તે પ્રમાણે બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને એન્ટ્રીલેવલ પે મંજુર કરવાની બાબત ક્રમાંક (૨) ઉપરની કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીની દરખાસ્ત પરત્વે વિચારણા હાથ ધરી શિક્ષણ વિભાગના ઉપર સંદર્ભ ક્રમાંક (૫)માં દર્શાવેલ ઠરાવથી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક કર્મચારીઓને નાણા વિભાગના તારીખ ૧૪-૦૯-૨૦૧૧ના ઠરાવથી નિયત કરવામાં આવેલ એન્ટ્રી લેવલ પે સંદર્ભ ક્રમાંક (૫) ના ઠરાવથી મંજૂર કરી તે મુજબ પગાર બાંધણી કરવાની મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભ ક્રમાંક (૬) ઉપરની ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની તારીખ ૦૨-૦૯-૨૦૧૬ની રજુઆત ધ્યાને લઈને પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ નિર્ણય લેવામાં આવે છે.

Scanned with CamScanner

રાજયની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તારીખ ૦૧-૦૧-૨૦૦૬ના રોજ કે ત્યાર પછી નિમણૂંક પામેલ આચાર્યોને આરઓપી-૨૦૦૯ના નિયમ-૮ હેઠળ અનુસૂચિ-ખ મુજબ તથા નાણા વિભાગના તારીખ ૧૪-૦૯-૨૦૧૧ના ઠરાવથી નિયત કર્યા મુજબના એન્ટ્રી લેવલ પગાર મુજબ પગાર બાંધણીની મંજૂરી આપવામાં આવે છે.

તારીખ ૦૧-૦૧-૨૦૦૬ના પહેલાં જે આચાર્યોને Fix Pay નો સમયગાળો (પાંચ વર્ષનો) પૂર્ણ થઈ ગયેલ હોય અને તેઓને રેગ્યુલર પગારધોરણમાં નિયમોનુસાર નિમણૂંક મળવાપાત્ર થઈ ગયેલ હોય તેવા આચાર્યોના પગારની બાંધણી તારીખ ૨૭-૦૨-૨૦૦૯ના જાહેરનામાની જોગવાઈ મુજબ કરવાની રહેશે. પરંતુ તારીખ ૦૧-૦૧-૨૦૦૬ પછી જેઓનો Fix Pay ના સમયગાળો પૂર્ણ થતો હોય તેવા આચાર્યોનો પગાર એન્ટ્રી લેવલ પે અર્થાત તારીખ ૨૭-૦૨-૨૦૦૯ના જાહેરનામામાં નિયમ-૮ ની અનુસૂચિ-ખ મુજબ કરવાની રહેશે. આમ થવાથી સીનીયર આચાર્યો કરતાં જુનિયર આચાર્યોનો પગાર વધુ ફીક્સ થાય તો તેઓને સ્ટેપીંગ અપનો લાભ મળવાપાત્ર થશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.એલ.પુજારા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત રાજ્ય

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.મા.અને પ્રૌ.) ના અંગત સચિવશ્રી, રા.ક.મંત્રીશ્રી (પ્રા.મા.અને પ્રૌ.) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (ઉ. અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, રા.ક.મંત્રીશ્રી (ટે.શિ.) નું કાર્યાલ્ય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ઉ. અને ટે.શિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

Scanned with CamScanner

બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક
શાળાના સીધીભરતી લેવાયેલ શિક્ષકોને એન્ટ્રી
લેવલ પેનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ – ૧૧૦૯-મં.શિ.-૧ –ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : 30/૮/૨૦૧૬

<u>વંચાણે લીધા :-</u>

(૧) નાણાં વિભાગના તારીખ:૧૪/૯/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક: પીજીઆર/ ૧૦૨૦/૬૪/પે સેલ(એમ)

(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીના તારીખ: ૨૫/૪/૨૦૧૩ના પત્રક્રમાંક:અનદ-૧/ ધ/ ૨૦૧૨/ ૧૩ / ૭૬૪૮.

(3) નાણાં વિભાગના તારીખ: ૧૦/૮/૨૦૧૬ના પત્રક્રમાંક: પગર/ ૧૦૨૦૧૨/યુઓ-૧૫/પગાર એકમ

ઠરાવ :-

રાજય સરકારના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચની ભલામણોના અમલીકરણ મુજબ નાણા વિભાગના તારીખ ૧૪-૦૯-૨૦૧૧ના ઠરાવથી લાભ આપેલ છે તે પ્રમાણે બિનસરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને એન્ટ્રીલેવલ પે મંજુર કરવાની બાબત ક્રમાંક(૨) ઉપરની કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીની દરખાસ્ત અને ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક સંઘ મહામંડળની રજુઆતથી વિચારણા હેઠળ હતી જેમાં પુખ્ત વિચારણાને અંતે નાણાં વિભાગના ઉપર સંદર્ભ ક્રમાંક (3)માં દર્શાવેલ પત્રની વિગતે નીચે મુજબ કાર્યવાહી કરવાની મંજુરી આપવામાં આવે છે.

(૧) જે ૧૬ જિલ્લાઓમાં અનુદાનિત ઉચ્ચતર શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને નાણા વિભાગના તારીખ ૧૪-૦૯-૨૦૧૧ના ઠરાવથી નિયત કરવામાં આવેલ એન્ટ્રી લેવલ પે મંજૂર કરી તે મુજબ પગાર બાંધણી કરવામાં આવેલ છે તેને મંજુરી આપવામાં આવે છે.

(૨) બાકીના જિલ્લાઓ જ્યાં એન્ટ્રી લેવલ પે મુજબ પગાર બાંધણી કરવામાં આવેલ નથી તે જિલ્લાઓમાં ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ના નિયમ-૮ અનુસાર નાણા વિભાગના તારીખ ૧૪-૦૯-૨૦૧૧ના ઠરાવથી નિયત કર્યા મુજબના એન્ટ્રી

લેવલ પગાર મુજબ પગાર બાંધણી કરવાની મંજુરી આપવામાં આવે છે.

(3) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ના નિયમ-૮ અનુસાર અનુસૂચિ-ખ મુજબની એટલે કે, નાણા વિભાગના તારીખ ૧૪-૦૯-૨૦૧૧ના ઠરાવ મુજબની એન્ટ્રી લેવલ પગાર બાંધણીને કારણે કોઈપણ કર્મચારીને સ્ટેપીંગ અપનો લાભ મળવાપાત્ર થશે નહીં.

ઉકત કર્મચારીઓને સંદર્ભ ક્રમાંક (૧) ઉપરના નાણાં વિભાગના ઠરાવમાં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવાની રહેશે અને આ ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.એલ.પુજારા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત રાજ્ય

પ્રતિ.

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ. -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(પ્રા. મા.અને પ્રૌ.) ના અંગત સચિવશ્રી, રા.ક. મંત્રીશ્રી(પ્રા. મા.અને પ્રૌ.) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, -૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(ઉ. અને ટે.શિ.,) ના અંગત સચિવશ્રી, રા.ક. મંત્રીશ્રી(ટે.શિ.) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, -૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓ, ગાંધીનગર.
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
-

Scanned with CamScanner

ગુજરાત સરકાર,

નાણા વિભાગ.

ઠરાવ ક્રમાંક::જનવ-૨૦૧૦-૯૪૬૪૧૮-ગ્ર

સચિવાલય ગાંધીનગર

તા.૨૫-૦૧-૨૦૧૧

વંચાણે લીધા:- ના.વિ.ના તા.૧૪-૧૦-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક:પીજીઆર/૧૦૨૦૦૯/૫૩ પે-સેલ(મ)

## ઠ રા વ :-

આમુખમાં દર્શાવેલ નાણા વિભાગના તા.૧૪-૧૦-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: PGR/102009/53/ Pay Cell(M) દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓના છઠ્ઠા પગારપંચમાં નીચે દર્શાવ્યા મુજબ ગ્રેડ-પે માં સુધારો કરવામાં આવેલ છે.

| SL.NO. | ROP-1998 Pay Scale (pre-revised) | Corresponding Pay Scale In Revied Pay Structure (ROP-2009) | | | Revised Grade Pay |
|---|---|---|---|---|---|
| | | PB | Pay Band | Grade Pay | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| [1] | 5500-9000 | PB-2 | 9300-34800 | 4200 | 4400 |
| [2] | 6500-10500 | PB-2 | 9300-34800 | 4200 | 4600 |

ઉક્ત ઠરાવની જોગવાઇઓ જાહેર સાહસોના કર્મચારીઓને લાગૂ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વક વિચારણાને અંતે નાણા વિભાગના તા.૧૪-૧૦-૨૦૧૦ના હુકમો, સરકારશ્રીના જે જે બોર્ડ / કોર્પોરેશનો અને ગ્રાંટ-ઇન-એઇડ સંસ્થાઓને છઠ્ઠા પગારપંચનો લાભ નાણા વિભાગની મંજુરીથી Scale-To-Scale આપેલ છે તેમાં ઉપરના ઠરાવમાં સમાવિષ્ટ થતા સ્કેલ સામે Revised Grade Pay રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે અન્ય શરતો અને જોગવાઇઓ આમુખમાં દર્શાવેલ નાણા વિભાગના તા.૧૪-૧૦-૨૦૧૦ના ઠરાવ મુજબની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

[જે.એસ.ત્રિવેદી]
ઉપસચિવ,
નાણા વિભાગ.,

Implementation of the Sixth Central Pay Commission recommendations- Entry level pay

GOVERNMENT OF GUJARAT
FINANCE DEPARTMENT
Resolution No.PGR/102010/64/ Pay Cell (M),
Sachivalaya, Gandhinagar,
Dated the 14th September, 2011

Read: (1) Finance Department, Government Notification No.(GN-8) PGR-1009-2- Pay Cell(M) dated 27th February, 2009

(2) Finance Department, Government Resolution No.PGR/102009/38/ Pay Cell (M) dated 6th April, 2010

(3) Finance Department, Government Resolution No.PGR/102009/38/ Pay Cell (M) dated 14th October, 2010

**PREAMBLE:-**

In pursuance of the Government of India decision on the recommendations of the Sixth Central Pay Commission and the Central Civil service (Revised Pay) Rules, 2008 issued vide Government of India, Ministry of Finance, Office Memorandum No. G.S.R. No. 622(E) dated 29th August, 2008, the State Government has issued the Gujarat Civil Service (Revision of Pay) Rules, 2009 vide Finance Department Notification No. (GN-8) PGR/1009/2 / Pay Cell (M) dated 27th February, 2009. As per the provisions under Rule-8 of the Gujarat Civil Service (Revision of Pay) Rules, 2009, employees appointed as fresh recruits, to a particular post carrying a specific grade pay, on or after 1st day of January, 2006 their entry level pay is to be fixed as per the Schedule-B.

On implementation of the Gujarat Civil Service (Revision of Pay) Rules, 2009, the Sate Government received references from various Sections and Employees' federations regarding upgradation of grade pay of posts in various government offices bearing grade pay of Rs.4200. The Government has revised the grade pay of the post bearing pre revised pay scale of Rs.5500-9000 and Rs.6500-10500 vide Finance Department, Government Resolutions dated 6-4-2010 and 14-10-2010 mentioned above. Subsequent to these revisions of grade pays the necessary amendment in Schedule-B of The Gujarat Civil Service (Revision of Pay) Rules, 2009 was also under consideration of the Government. After careful consideration, the State Government has decided as under.

**RESOLUTION**

The State Government has decided to revise the entry level pay, payable under Rule-8 of The Gujarat Civil Service (Revision of Pay) Rules, 2009, in the revised pay structure for direct recruits as shown below.

PB-2 (9300 - 34800)

(In Rupees)

| Grade Pay | Pay in the Pay Band | Total |
|---|---|---|
| 4400 | 10810 | 15210 |
| 4600 | 12540 | 17140 |

Employees appointed as fresh recruits on or after 1st day of January, 2006 to a particular post carrying above mentioned grade pays, their entry level pay shall be as shown above. These orders shall take effect from 01-01-2006. The pay from 01-01-2006 to 31-3-2010 and the difference of pay and allowances payable thereon shall be notional at par with the other government employees covered under Finance Department, Government Resolutions dated 6-4-2010 and 14-10-2010, and hence not payable. Further revised entry pay and allowances thereon shall be paid in cash from 01-04-2010.

Subsequent amendment to the Gujarat Civil Service (Revision of Pay) Rules, 2009 shall be made hereafter.

By order and in the name of the Governor of Gujarat.

(H. D. Sailor)
Deputy Secretary
Finance Department

To,

* The Secretary to the Hon. Governor, Raj Bhavan, Gandhinagar.
The Principal Secretary to the Chief Minister,
Personal Secretaries to all Ministers/ State Ministers/ Parliamentary Secretaries.
The Personal Secretary to the Leader of Opposition Party, Gujarat Vidhansabha Secretariat, Gandhinagar.
* The Registrar, Gujarat High Court, Ahmedabad,
* The Secretary, Gujarat Legislature Secretariat, Gandhinagar,
* The Secretary, Gujarat Public Service Commission, Ahmedabad.
* The Secretary, Gujarat Vigilance Commission, Gandhinagar,
* The Secretary, Gujarat Civil Service Tribunal, Gandhinagar,
* The secretary, Gujarat Sub-ordinate Services Selection Board.
The Accountant General (Audit), Gujarat State, Ahmedabad/Rajkot,
The Accountant General-II (A&E), Gujarat State, Ahmedabad/Rajkot,
All Administrative Departments of Secretariat, Gandhinagar
All Heads of Departments/Offices/ All Treasury Officers
All Collectors/All District Development Officers,
All Boards/Corporations/Universities/PSUs
The Pay and Accounts Officer, Ahmedabad/Gandhinagar,
The Resident Audit Officer, Ahmedabad/Gandhinagar,
The Director, Pension & Provident Fund, Gandhinagar.
The Pension Payment Office, Lal Darwaja, Ahmedabad.
The Examiner, Local Fund Accounts, Gandhinagar
All Assistant Examiners, Local Fund Account.
All Officers / Branches in Finance Department.
Select File: Pay Cell, M, Ch, P & Z Branch,
'B' Distribution.
System Manager, Finance Department
....... with request to upload this GR on department's web site.

---

* By letter

Scanned with CamScanner

ક્રમાંક: અનદ-૧/ધ/માધ્ય/૨૦૧૯/ ૭૨૧૧-૭૨૫૫

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જી.એમ. ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. ૮/ ૦૩ /૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળામાં ફાજલ થતા આચાર્યને આચાર્ય તરીકે સમાવવા બાબત.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ તા.૨૩/૦૬/૧૬
(૨) શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક: બમશ/૨૦૧૮/૨૩૩૯/ગ તા.૨૭/૦૨/૧૯
(૩) શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક: બમશ/૧૧૧૮/૨૩૩૯/ગ તા.૦૧/૦૩/૧૯

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાજલ થતા આચાર્યોને શિક્ષણ વિભાગના તા.૨૩/૦૬/૧૬ના ઠરાવથી નિયત થયેલ જોગવાઇઓ તથા શરતોને આધીન શિક્ષણ વિભાગના તા.૨૭/૦૨/૧૯ના પરિપત્રથી ફાજલના રક્ષણને પાત્ર થતા આચાર્યને આચાર્ય તરીકે સમાવવા અંગેની જોગવાઈઓ નિયત કરેલ છે.જેની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

શિક્ષણ વિભાગના સંદર્ભ-૧ના ઠરાવની જોગવાઇઓ ધ્યાને લઈ સંદર્ભ-૨માં જણાવેલ પરિપત્રનો અમલ કરતા સમયે હાલ આચાર્યની ભરતી સંબંધમાં નામ. હાઇકોર્ટ સમક્ષ વિચારાધીન SCA NO. ૧૮૩૦૦/૨૦૧૧ તથા અન્ય ગ્રુપ મેટરો, SCA NO. ૧૮૩૨૨/૨૦૧૧, SCA NO. ૨૧૪૮૬/૨૦૧૭, SCA NO. ૨૧૮૬૮/૨૦૧૭, SCA NO. ૩૩૭/૨૦૧૮, SCA NO. ૨૨૭૨ થી ૨૨૮૩/૨૦૧૮, LPA NO. ૧૭૨/૨૦૧૭ in SCA NO. ૧૫૩૮૫/૨૦૧૪, LPA NO. ૩૭૩/૨૦૧૭ in SCA NO. ૭૬૧૯/૨૦૧૬, LPA NO. ૧૩૯૧/૨૦૧૬ in SCA NO. ૬૭૨૬-૬૭૨૭/૨૦૧૬, SCA NO. ૨૦૮૩૯/૨૦૧૬, SCA NO. ૨૧૬૨૮/૨૦૧૬, SCA NO. ૨૦૫૯૨/૨૦૧૬, SCA NO. ૫૪૧/૨૦૧૭ થી SCA NO. ૫૪૩/૨૦૧૭, SCA NO. ૫૪૫/૨૦૧૭ અને તે સિવાયના અન્ય કોર્ટ કેસ સાથે સંકળાયેલ અને હાલ જે ભરતી પ્રક્રિયા ચાલુ છે તેમાં જે શાળાઓનો સમાવેશ કરવામાં આવેલ છે તે સિવાયની શાળાઓમાં આચાર્યની ખાલી જગ્યા પર આવા ફાજલનું રક્ષણપાત્ર આચાર્યને આચાર્ય તરીકે સમાવવાની કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

(એચ.એન. ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા.. ગાંધીનગર

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ... આ. નં. 2402 ... 18 MAR 2019

જિલ્લા: રાજકોટ
ક્રમાંક : માધ્ય/ખ-૧/૧૮-૧૯/૨૩૫૪ થી ૨૬૨૪
ઈમેઈલ

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જૂનો વઢવાણનો ઉતારો,
કસ્તુરબા માર્ગ, રાજકોટ
તા.૨૭-૦૩-૨૦૧૯

નકલ જાણ તથા અમલાર્થે

પ્રતિ,
- આચાર્યશ્રી, તમામ ગ્રાંટેડ માધ્યમિક તથા ઉ.મા.શાળાઓ, રાજકોટ જિલ્લો
- તમામ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ અને મદદ.શિક્ષણ નિરીક્ષકશ્રીઓ, આ કચેરી

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ

Scanned with CamScanner

રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાજલ થતા આચાર્યને આચાર્ય તરીકે સમાવવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ,

પરિપત્ર ક્રમાંક : બમશ/૨૦૧૮/૨૩૩૯/ગ.

સચિવાલય,ગાંધીનગર,

તારીખ : ૨૭/૨/૨૦૧૯

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગના તારીખ ૨૩/૬/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ.

(૨) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૧૩/૧૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક : ઘ/માધ્ય/અનદ-૧/૨૦૧૮/૨૮૦૭૪.

**પ્રસ્તાવના : -**

આ વિભાગના સંદર્ભ (૧) હેઠળના તારીખ ૨૩/૬/૨૦૧૬ના ઠરાવથી રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને ફાજલનું રક્ષણ આપવામાં આવેલ છે.

આ રીતે ફાજલ થનાર કર્મચારીઓ પૈકી આચાર્યને શિક્ષક કે બિનશૈક્ષણિક કર્મચારી તરીકે સમાવવામાં આવતા હોવાથી આચાર્યના પદની ગરિમા જળવાતી ન હોવાની બાબત ધ્યાને આવી હતી. આ પરિસ્થિતિ ધ્યાને લઇ રાજ્યમાં ગ્રાન્ટેડ શાળાઓ બંધ થતા ફાજલ પડતા આચાર્યને આચાર્યની જ જગ્યા પર સમાવવા અંગે ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ દ્વારા રજૂઆત કરવામાં આવેલ હતી. આ રજૂઆત અંગે કમિશનરશ્રી, શાળાઓની કચેરી દ્વારા પણ તારીખ ૧૩/૧૨/૨૦૧૮ના સંદર્ભ (૨) હેઠળના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર : -**

પુખ્ત વિચારણાના અંતે હવેથી રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળા બંધ થવાને કારણે જે ફાજલનું રક્ષણ પ્રાપ્ત આચાર્ય ફાજલ થાય છે ત્યારે તેઓના હોદ્દાની ગરિમા જળવાય તે માટે ફાજલ આચાર્યને અન્ય શાળામાં સમાવવા સંદર્ભે હવે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧) શાળા બંધ થવાને કારણે જે શાળામાંથી ફાજલનું રક્ષણ પ્રાપ્ત આચાર્ય ફાજલ થયેલ હોય તે શાળાની નજીકની શાળામાં, જો આચાર્યની જગ્યા ખાલી હોય તો તેઓને તે શાળામાં આચાર્ય તરીકે જ સમાવવાના રહેશે.

(૨) જો નજીકની શાળામાં આચાર્યની જગ્યા ખાલી ન હોય તો અનુક્રમે પ્રથમ તાલુકાની અને જિલ્લાની અન્ય જે શાળામાં આચાર્યની જગ્યા ખાલી હોય તે શાળામાં આચાર્ય તરીકે સમાવવાના રહેશે.

(૩) જો સમગ્ર જિલ્લામાં આચાર્યની જગ્યા ખાલી ન હોય, તો આચાર્ય જે જિલ્લામાંથી ફાજલ થયેલ હોય તે જિલ્લાની નજીકના જિલ્લામાં આચાર્ય તરીકે સમાવવાના રહેશે.

(૪) ફાજલ થયેલ આચાર્ય અન્ય જિલ્લામાં જવા રાજી ન હોય તેવા કિસ્સામાં તેઓને જે જિલ્લામાંથી ફાજલ થયેલ છે તે જિલ્લાની અન્ય શાળામાં તેમની શૈક્ષણિક લાયકાત મુજબના વિષયના શિક્ષક તરીકે માત્ર શૈક્ષણિક જગ્યા ઉપર જ સમાવવાના રહેશે. પરંતુ, જો સંબંધિત જિલ્લામાં સંબંધિત વિષયના શિક્ષકની જગ્યા ખાલી ન હોય તો આવી જગ્યા ખાલી હોય તે સ્થળે સમાવવાના રહેશે.

(૫) આ રીતે ફાજલ થયેલ આચાર્ય આ રીતે અન્ય શાળામાં સમાવેશ થવાની બાબતનો અસ્વીકાર કરી શકશે નહીં.

(૬) આવા આચાર્યનો સમાવેશ કરવાનો કોઇ શાળા અસ્વીકાર કરી શકશે નહીં. અસ્વીકાર કરનાર શાળામંડળ સામે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા નિયમોનુસાર કાર્યવાહી કરી નિયામકશ્રી, શાળાઓની કચેરીને જાણ કરવાની રહેશે.

(૭) આ વિભાગના તારીખ ૨૩/૬/૨૦૧૬ના સંદર્ભ (૧)ની અન્ય જોગવાઇઓ તથા શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

(જયેશ મિસણ )
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ :-**

- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- [illegible] સચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (શાળાઓ), કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. ૯, ૧લો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ આ અંગે જરૂરી કાર્યવાહી સારૂ.
- સર્વે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓ, ( કમિશનરશ્રી, શાળાઓ મારફતે)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ બાબત વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- શાખા પસંદગી ફાઇલ – ૨૦૧૭.
- ના.સે.અ. પસંદગી ફાઇલ.

બિનસરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકો/ કર્મચારીઓને રક્ષણ આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ – ૧૩૧૦-૧૨૦૧ –ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૩/૬/૨૦૧૬.

વંચાણે લીધા :-

(૧)શિક્ષણ વિભાગના તારીખ: ૬/૭/૧૯૯૮ના ઠરાવ ક્રમાંક: ઉમશ/૧૧૯૮/ઇએમ-૫૩/ગ-૧

(૨) શિક્ષણ વિભાગના તારીખ: ૨૩/૨/૨૦૧૫ના પત્ર ક્રમાંક: બમશ/ ૧૦૧૦/૧૨૦૧/ગ..

ઠરાવ :-

રાજ્યમાં આવેલી બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી કેટલીક શાળાઓ બંધ થવાને કારણે કે વિદ્યાર્થી સંખ્યાના અભાવે વર્ગ બંધ થતા ફાજલ પડતા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ જો તારીખ: ૩૦/૬/૧૯૯૮ સુધીમાં નિમણૂંક પામેલા અને તારીખ: ૩૦/૬/૧૯૯૯ પહેલાં ૩૬૫ દિવસની સેવાઓ પૂર્ણ કરેલ હોય તેઓ તમામને રક્ષિત ગણી તેઓને ફાજલ કર્મચારીઓને મળતા લાભ આપવામાં આવશે તેવી જોગવાઇ વંચાણે લીધા સંદર્ભ ક્રમાંક( ૧) ના ઠરાવથી કરવામાં આવેલ.

. બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તારીખ: ૩૦/૬/૧૯૯૮ બાદ નિમણૂંક પામેલ અને ફાજલ થયેલ શિક્ષકોને રક્ષણ મળવાપાત્ર થતુ નથી.

બિનસરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તારીખ:૩૦/૬/૧૯૯૮ પછી નિમણૂંક પામેલ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને જો તેઓ ફાજલ જાહેર થાય તેવા કિસ્સામાં રક્ષણ આપવા અંગે સરકારશ્રી સમક્ષ કરવામાં આવેલ રજુઆતો સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજીપૂર્વકની વિચારણા બાદ તારીખ: ૩૦/૬/૧૯૯૮થી તારીખ: ૩૧/૩/૨૦૧૬ના સમયગાળા દરમ્યાન નિમણૂંક પામેલ શૈક્ષણિક/ બિનશૈક્ષણિક કર્મચારીઓને ફાજલ જાહેર થયેથી નીચે જણાવેલ શરતોને આધીન ફાજલનું રક્ષણ આપવાનો નિર્ણય કરવામાં આવે છે.

(૧) તારીખ: ૩૦/૬/૧૯૯૮ થી તારીખ: ૩૧/૩/૨૦૧૬ના સમયગાળા દરમ્યાન નિમણૂંક પામેલ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક ફાજલ જાહેર થયેલ/ થનાર તેમજ આજ કારણોસર છુટા કરાયેલ કર્મચારીઓને ફાજલ તરીકેનું રક્ષણ આપવાનું રહેશે.

Scanned with CamScanner

(૨) આ સમયગાળા દરમ્યાન સ્વૈચ્છિક નિવૃતિ લીધેલ, વયનિવૃતિ થયેલ, મૃત્યુ પામેલ શિક્ષકોના કેસ રીઓપન કરવાના રહેશે નહીં.

(૩) ફાજલ થયેલ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીને ફાજલ તરીકે સમાવવા બાબતના સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના આદેશ આખરી ગણવામાં આવશે. અને જો સબંધિત શિક્ષક/કર્મચારીઓ તેમને ફાળવેલ જગ્યા ઉપર નહીં જાય તો તેમની નોકરી ગમે તેટલા વર્ષની હોય તેને ધ્યાનમાં લીધા સિવાય ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૩૩ની જોગવાઇ મુજબ વળતર ચુકવી છુટા કરવાના રહેશે.

(૪) સરકારના ઠરાવ કે પરિપત્રો કે અન્ય કોઇ પણ જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તો પણ જે તે શાળામાં બીજી કોઈ પણ શાળામાં જગ્યા ન હોય તો કન્યા શાળામાં પણ પુરુષ કર્મચારીને ફાળવવામાં આવશે અને તેને કન્યા શાળાએ સ્વીકારવાના રહેશે.

(૫) સંસ્થા ફાળવેલ શિક્ષક/કર્મચારીને હાજર ન કરે તેવા કિસ્સાઓમાં જેટલો સમય આવા કર્મચારીને કામ વગર પગાર ચુકવવો પડે તે ખર્ચ સંસ્થાને ચુકવવાપાત્ર નિભાવ ગ્રાંટમાંથી કાપી લેવામાં આવશે. જો શાળાને સબંધિત કર્મચારીના પગાર જેટલી નિભાવ ગ્રાન્ટ મળવાપાત્ર ન હોય તો તેવી શાળાની નોંધણી રદ કરવા માટેની કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે.

(૬) ભાષાકીય કે ધાર્મિક લઘુમતીના પાયા ઉપર રચાયેલી સંસ્થાઓ દ્વારા ચલાવતી શાળાઓમાંથી ફાજલ થતાં શિક્ષક/કર્મચારીને અન્ય લઘુમતિ શાળાઓ કે બીજી શાળાઓમાં સમાવવામાં આવશે.

(૭) જે શિક્ષક/કર્મચારીને ફાજલ તરીકેનું રક્ષણ મળેલ હોય તેને પ્રથમ સંબંધિત જિલ્લામાં અને ત્યાં જગ્યા ન હોય તો નજીકના જિલ્લાની શાળામાં સમાવવામાં આવશે અને તે પ્રમાણે પણ જગ્યા ન હોય તો રાજ્યના ગમે તે જિલ્લાની શાળામાં સમાવવામાં આવશે અને ત્યાં જવુ તેને માટે ફરજીયાત રહેશે.

(૮) બિન શૈક્ષણિક કર્મચારીની જગ્યા પ્રવતમાન નિયમાનુસાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ઉપર આધારિત છે, પણ ગ્રંથાલય, પ્રાયોગિક શિક્ષક/લેબોરેટરી આસીસ્ટન્ટ કમ પટાવાળા જેવી ખાસ ચોક્કસ જગ્યાઓ ભૌતિક સુવિધા અને વર્ગોની સંખ્યાને ધ્યાનમાં રાખીને ઊભી થાય છે. આ તમામ જગ્યાઓ ઉપર કામ કરતાં કર્મચારીઓને પણ કોઈપણ પ્રકારે ફાજલ કરવાના થાય તો ઉપર જણાવ્યા પ્રમાણેના નિયમો જ લાગુ પાડવાના રહેશે.

(૯) કોઈપણ શાળામાં શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીની જગ્યા ભરવાના પ્રસંગે રોસ્ટર પોઈન્ટ પ્રમાણે જે તે જગ્યા અનામત કક્ષાના ઉમેદવારથી ભરવાની થતી હોય અને જે તે વિષયના ફાજલ શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસે ઉપલબ્ધ ન હોય તો તેવા સંજોગોમાં ઉપલબ્ધ ફાજલ શિક્ષક/કર્મચારીથી જે તે જગ્યા ભરવાની રહેશે અને રોસ્ટર પોઈન્ટ આગળ ખેંચી લેવાનો રહેશે.

(૧૦) કોઇપણ શિક્ષક ફાળવણી વગર ફાજલ ન રહે અને કામગીરી વીના પગારની ચુકવણી ન કરવી પડે તેની તકેદારી તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓએ રાખવાની રહેશે. આવા કોઇ કેસ

સરકારના ધ્યાન પર આવશે તો તે માટે સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત જવાબદારી ગણાશે.

(૧૧) નિયામકશ્રી, શાળાઓ દ્વારા આ ઠરાવના અમલના કારણે ફાજલને રક્ષણ આપવાપાત્ર શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં જરૂરી આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે અને આ રીતે રક્ષિત કરેલ શિક્ષકોની સંખ્યા જેટલા શિક્ષકોની જગ્યા હાલ ભરતી કરનાર માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોમાંથી કમી કરવાના રહેશે. આ અંગેની તમામ જવાબદારી નિયામકશ્રી, શાળાઓની રહેશે.

વંચાણે લીધા સંદર્ભ ક્રમાંક (૨) થી કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીને આપેલી તારીખ ૩૦/૬/૧૯૯૮ પછી ફાજલ કરાયેલ શિક્ષકોને ફાજલનું રક્ષણ ન આપવાની સુચના આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.એલ.પુજારા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત રાજ્ય

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(પ્રા. મા.અને પ્રૌ.) ના અંગત સચિવશ્રી, રા.ક. મંત્રીશ્રી(પ્રા. મા.અને પ્રૌ.) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, -૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(ઉ. અને ટે.શિ.,) ના અંગત સચિવશ્રી, રા.ક. મંત્રીશ્રી(ટે.શિ.) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, -૨, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓ, ગાંધીનગર.
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

Scanned with CamScanner

Implementation of the 6th Central Pay Commission recommendations- Revision of Grade Pay and instructions reg. Fixation of Pay

GOVERNMENT OF GUJARAT
FINANCE DEPARTMENT
Resolution No. PGR/102009/ 53 / Pay Cell (M),
Sachivalaya, Gandhinagar,
Dated the 14th October, 2010

Read:(1) Finance Department, Government Resolution No. PGR-1009-1- Pay Cell (M) dated 12th February, 2009
(2) Finance Department, Government Notification No.(GN-8) PGR-1009-2- Pay Cell(M) dated 27th February, 2009
(3) Finance Department, Government Resolution No. PGR/1009/Pay Cell (M), dated 20th March, 2009
(5) Finance Department, Government Resolution No.PGR/102009/38/ Pay Cell (M) dated 6th April, 2010

**PREAMBLE:-**

In pursuance of the Government of India decision on the recommendations of the Sixth Central Pay Commission and the Central Civil service (Revised Pay) Rules, 2008 issued vide Government of India, Ministry of Finance, Office Memorandum No. G.S.R. No. 622(E) dated 29th August, 2008, the State Government has issued the Gujarat Civil Service (Revision of Pay) Rules,2009 vide Finance Department Notification No. (GN-8) PGR/1009/ 2 / Pay Cell (M) dated 27th February, 2009. Subsequently the State Government has issued the guidelines vide Finance Department Resolution dated 20th March, 2009 for the procedure to be followed before drawl of pay in revised pay structure in accordance with the Gujarat Civil Service (Revision of Pay) Rules, 2009 notified vide Notification No. (GN-8) PGR/1009/ 2 / Pay Cell (M) dated 27th February, 2009.

On implementation of the Gujarat Civil Service (Revision of Pay) Rules, 2009, the Sate Government received references from various Sections and Employees' federations regarding upgradation of grade pay of posts in various government offices bearing grade pay of Rs.4200. The Government had revised the Grade Pay of the post of Deputy Section Officer/Stenographer Grade-II and Section Officer/Stenographer Grade-I of Secretariat vide Government Resolution, Finance Department dated 6-4-2010. The extension of this revision to the posts in field level offices was also under consideration of the Government. After careful consideration, the State Government has decided as under.

...2..

## RESOLUTION

The State Government has decided to further revise the pay structure of posts in the Pay Band PB-2, Rs. 9300-34800 with Grade Pay of Rs.4200 (Pre-revised scales of Rs.5500-9000 and Rs.6500-10500) in the Secretariat which were not included in the FD, GR No.PGR/102009/38/ Pay Cell (M) dated 6th April, 2010 as well as posts in all field level offices. The Grade Pays of these posts are revised as shown in the col.6 of the following table.

| Sl. No. | ROP-1998 Pay Scale (Pre-revised) Rs. | Corresponding Pay Scale in Revised Pay Structure (ROP-2009) Rs. | | | Revised Grade Pay Rs. |
|---|---|---|---|---|---|
| | | PB | Pay Band | Grade Pay | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 1 | 5500-9000 | PB-2 | 9300-34800 | 4200 | 4400 |
| 2 | 6500-10500 | PB-2 | 9300-34800 | 4200 | 4600 |

These orders shall take effect from 01-01-2006. The pay fixation from 01-01-2006 to 31-3-2010 and the difference of pay and allowances payable thereon shall be notional, and hence not payable. Further revised Grade Pay and allowances thereon shall be paid in cash from 01-04-2010.

The employees covered under these orders shall have an option to change their earlier option exercised for drawl of their pay in the revised pay structure under Rule 6 of Gujarat Civil Service (Revision of Pay) Rules, 2009, within the period of one month from the date of issue of these orders. Option once exercised shall be final.

The manner of initial fixation of pay in the revised pay structure has been indicated in Rule - 7 of the Gujarat Civil Service (Revision of Pay) Rules, 2009. On the basis of this revision detailed Fixation Tables for each stage of these pre-revised scales have been worked out in the manner recommended by the Sixth Pay Commission and are enclosed as Annexure-I of this resolution. These may be used for the purpose of fixation in the revised pay structure as on 01.01.2006.

Subsequent amendment to the Gujarat Civil Service (Revision of Pay) Rules, 2009 shall be made hereafter.

By order and in the name of Governor of Gujarat

(P.B. Darji)
Deputy Secretary
Finance Department

To,

* The Secretary to the Hon. Governor, Raj Bhavan, Gandhinagar.
The Principal Secretary to the Chief Minister,
Personal Secretaries to all Ministers/State Ministers, Parliamentary Secretaries.
The Personal Secretary to the Leader of Opposition Party, Gujarat Vidhansabha Secretariat, Gandhinagar.
* The Registrar, Gujarat High Court, Ahmedabad,
* The Secretary, Gujarat Legislature Secretariat, Gandhinagar,
* The Secretary, Gujarat Public Service Commission, Ahmedabad.
* The Secretary, Gujarat Vigilance Commission, Gandhinagar,
* The Secretary, Gujarat Civil Service Tribunal, Gandhinagar,
* The secretary, Gujarat Sub-ordinate Services Selection Board.
The Accountant General (Audit), Gujarat State, Ahmedabad/Rajkot,
The Accountant General-II (A&E), Gujarat State, Ahmedabad/Rajkot,
All Administrative Departments of Secretariat, Gandhinagar
All Heads of Departments/Offices/ All Treasury Officers
All Collectors/All District Development Officers,
All Boards/Corporations/Universities/PSUs
The Pay and Accounts Officer, Ahmedabad/Gandhinagar,
The Resident Audit Officer, Ahmedabad/Gandhinagar,
The Director, Pension & Provident Fund, Gandhinagar.
The Pension Payment Office, Lal Darwaja, Ahmedabad.
The Examiner, Local Fund Accounts, Gandhinagar
All Assistant Examiners, Local Fund Account.
All Officers/Branches in Finance Department.
Select File: Pay Cell, M, Ch, P & Z Branch,
'B' Distribution.

---

* By letter

Scanned with CamScanner

**Annexure-I**

(Annexure to the Finance Department, Government Resolution No.PGR-102009-53-Pay Cell(M) dated 14th October, 2010)

**Fitment Tables**

Pre-revised Pay Scale
Rs. 5500-175-9000

Revised Pay band + Grade Pay
PB 2 Rs. 9300-34800 + Rs.4400

| Pre-revised Basic Pay | Revised Pay | | |
|---|---|---|---|
| | Pay in the Pay Band | Grade Pay | Revised Basic Pay |
| 1 | 2 | 3 | 4 |
| 5,500 | 10,230 | 4,400 | 14,630 |
| 5,675 | 10,560 | 4,400 | 14,960 |
| 5,850 | 10,890 | 4,400 | 15,290 |
| 6,025 | 11,210 | 4,400 | 15,610 |
| 6,200 | 11,540 | 4,400 | 15,940 |
| 6,375 | 11,860 | 4,400 | 16,260 |
| 6,550 | 12,190 | 4,400 | 16,590 |
| 6,725 | 12,510 | 4,400 | 16,910 |
| 6,900 | 12,840 | 4,400 | 17,240 |
| 7,075 | 13,160 | 4,400 | 17,560 |
| 7,250 | 13,490 | 4,400 | 17,890 |
| 7,425 | 13,820 | 4,400 | 18,220 |
| 7,600 | 14,140 | 4,400 | 18,540 |
| 7,775 | 14,470 | 4,400 | 18,870 |
| 7,950 | 14,790 | 4,400 | 19,190 |
| 8,125 | 15,120 | 4,400 | 19,520 |
| 8,300 | 15,440 | 4,400 | 19,840 |
| 8,475 | 15,770 | 4,400 | 20,170 |
| 8,650 | 16,090 | 4,400 | 20,490 |
| 8,825 | 16,420 | 4,400 | 20,820 |
| 9,000 | 16,740 | 4,400 | 21,140 |

Pre-revised Pay Scale
Rs. 6550-200-10500

Revised Pay band+ Grade Pay
PB 2 Rs. 9300-34800 + Rs.4600

| Pre-revised Basic Pay | Revised Pay | | |
|---|---|---|---|
| | Pay in the Pay Band | Grade Pay | Revised Basic Pay |
| 1 | 2 | 3 | 4 |
| 6,500 | 12,090 | 4,600 | 16,690 |
| 6,700 | 12,470 | 4,600 | 17,070 |
| 6,900 | 12,840 | 4,600 | 17,440 |
| 7,100 | 13,210 | 4,600 | 17,810 |
| 7,300 | 13,580 | 4,600 | 18,180 |
| 7,500 | 13,950 | 4,600 | 18,550 |
| 7,700 | 14,330 | 4,600 | 18,930 |
| 7,900 | 14,700 | 4,600 | 19,300 |
| 8,100 | 15,070 | 4,600 | 19,670 |
| 8,300 | 15,440 | 4,600 | 20,040 |
| 8,500 | 15,810 | 4,600 | 20,410 |
| 8,700 | 16,190 | 4,600 | 20,790 |
| 8,900 | 16,560 | 4,600 | 21,160 |
| 9,100 | 16,930 | 4,600 | 21,530 |
| 9,300 | 17,300 | 4,600 | 21,900 |
| 9,500 | 17,670 | 4,600 | 22,270 |
| 9,700 | 18,050 | 4,600 | 22,650 |
| 9,900 | 18,420 | 4,600 | 23,020 |
| 10,100 | 18,790 | 4,600 | 23,390 |
| 10,300 | 19,160 | 4,600 | 23,760 |
| 10,500 | 19,530 | 4,600 | 24,130 |

Scanned with CamScanner